dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-73 | AD - 2025, Magshar Vad -12 | Tuesday, Dt.16-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**પીએમ મોદી સોમવારે જોર્ડન પહોંચ્યા, બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ અને રાજકીય સહયોગ પર ચર્ચા**

# પીએમ મોદી જોર્ડન, ઈથોપિયા અને ઓમાન દેશોની મુલાકાતે જવા રવાના

**પીએમ મોદીની આ મુલાકાત રાજકીય, આર્થિક અને રાજદ્વારી સહયોગને આગળ વધારશે**

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા.૧૫ના રોજ ત્રણ દેશોના મહત્વપૂર્ણ પ્રવાસ પર રવાના થયા છે. તેઓ જોર્ડન, ઈથોપિયા અને ઓમાનની મુલાકાત લેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પ્રવાસ પશ્ચિમ એશિયા અને આફ્રિકા સાથે ભારતના સંબંધોને મજબૂત બનાવશે. આ મુલાકાત દરમિયાન, વેપાર, રોકાણ, વ્યૂહાત્મક સહયોગ અને પ્રાદેશિક મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે વૈશ્વિક ભૂ-રાજકીય અસ્થિરતા વધી રહી છે. ભારત આ મુલાકાત દ્વારા તેના વિશ્વસનીય ભાગીદારો સાથે રાજકીય, આર્થિક અને રાજદ્વારી સહયોગને આગળ વધારવાનો હેતુ ધરાવે છે. નોંધપાત્ર રીતે, આ પીએમ મોદીની જોર્ડન અને ઈથોપિયાની પ્રથમ પૂર્ણ-સ્તરીય દ્વિપક્ષીય મુલાકાત હશે, જ્યારે આ તેમની ઓમાનની બીજી મુલાકાત હશે.

વડાપ્રધાન મોદી ૧૫ ડિસેમ્બરે જોર્ડનની રાજધાની અમ્માન પહોંચ્યા હતા. ત્યાં, તેઓ રાજા અબ્દુલ્લા-૨ સાથે રૂબરૂ વાતચીત કરશે. આ પછી પ્રતિનિધિમંડળ-સ્તરની વાતચીત થશે. આ મુલાકાત ખાસ માનવામાં આવે છે કારણ કે ભારત અને જોર્ડન રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે વેપાર,



રોકાણ અને રાજકીય સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મુલાકાતના બીજા દિવસે, વડાપ્રધાન મોદી અને રાજા અબ્દુલ્લા ભારત-જોર્ડન વ્યાપાર કાર્યક્રમને સંબોધિત કરશે, જેમાં બંને દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓ હાજરી આપશે. પીએમ મોદી જોર્ડનમાં ભારતીય સમુદાય સાથે પણ મુલાકાત કરશે. કાઉન પ્રિન્સ સાથે, તેઓ ભારત સાથે પ્રાચીન વેપાર સંબંધોના પ્રતીક પેટ્રા શહેરની મુલાકાત લેશે. જોર્ડન પછી, વડાપ્રધાન મોદી ૧૬ થી ૧૭ ડિસેમ્બર સુધી ઈથોપિયાની રાજ્ય મુલાકાતે રહેશે. આ તેમની ઈથોપિયાની પ્રથમ મુલાકાત હશે. તેઓ વડાપ્રધાન અબીય અહમદ અલીને મળશે. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે. ભારતીય વડાપ્રધાન ઈથોપિયન સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધિત કરશે.

ઈથોપિયન મુલાકાત દરમિયાન અનેક એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મુલાકાત દ્વારા ભારત આફ્રિકામાં લાંબા ગાળાના અને વિશ્વસનીય ભાગીદાર તરીકેની ભૂમિકાને મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે. એજન્ડા ૨૦૬૩ હેઠળ આફ્રિકાની પ્રાથમિકતાઓ અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. ભારતીય સમુદાય સાથેની વાતચીત પણ આ મુલાકાતનો એક મહત્વપૂર્ણ ભાગ રહેશે.

પ્રવાસના અંતિમ તબક્કામાં, વડાપ્રધાન મોદી ૧૭ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન ઓમાનની મુલાકાત લેશે. આ તેમની ઓમાનની બીજી મુલાકાત હશે. ભારત અને ઓમાન રાજદ્વારી સંબંધોના ૭૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન, ભારત-ઓમાન વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે આ કરાર બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણને નવી દિશા આપશે.

# બિહારના મુઝફ્ફરપુરમાં પિતાએ ૬ સંતાનો સાથે ગળાફાંસો ખાધો, ચારના કરૂણ મોત

મુઝફ્ફરનગર,તા.૧૫

બિહારના મુઝફ્ફરપુરમાં એક સનસનાટી ભરી ઘટના સામે આવી છે. જેમાં એક પિતાએ પોતાના પાંચ બાળકો સાથે ફાંસી લગાવી લીધી. આ ઘટનામાં ત્રણ દીકરીઓ સાથે પિતાનું મૃત્યુ થયું, જ્યારે બે દીકરા બચી ગયા હતા. એક જ પરિવારમાં એકસાથે ચાર મોતથી વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ. આ ઘટના સકરા પોલીસ સ્ટેશન વિસ્તારના નવલપુર મિશ્રૌલિયા ગામની છે. ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ તપાસમાં લાગી ગઈ છે. સોમવારની




સવારે આ ઘટનાની જાણકારી મળી. જણાવવામાં આવે છે કે રવિવારની રાત્રે અમરનાથ રામ (ઉં.વ.૪૦)એ પોતાની ત્રણ દીકરીઓ રાધા કુમારી (ઉં.વ.૧૧), રાધિકા (ઉં.વ.૯) અને શિવાની (ઉં.વ.૭) સાથે ઘરમાં ફાંસી લગાવી લીધી હતી. અમરનાથ રામે પોતાના બે દીકરા શિવમ કુમાર (ઉં.વ.૬) અને ચંદન (ઉં.વ.૪)ને પણ ફાંસી લગાવવાનું કહ્યું હતું, પરંતુ બંને બચી ગયા. બંને બાળકો ઘરમાંથી બહાર નીકળ્યા અને બૂમો પાડવા લાગ્યા હતા. પુત્રએ જણાવ્યું કે 'પિતાએ બધાને જગાડ્યા. હું મોબાઈલ જોઈ રહ્યો હતો એટલે મને ઊંઘ નહોતી આવી. પપ્પાએ અમારા પાંચેય (ત્રણ દીકરી અને બે દીકરા)ના ગળામાં માતાની સાડીથી ફાંસો નાખીને ટ્રંક પર ચડવાનું કહ્યું અને ઘરની છત પર લટકાવી દીધા. ત્યારબાદ તેમણે અમને ટ્રંક પરથી કૂદવાનું કહ્યું. બધી બહેનો પપ્પા સાથે ઝટકાથી કૂદી પડી. હું પણ કૂદી પડ્યો, પણ ગળું દબાવાથી દુઃખાવો થતાં ફાંસો ઢીલો કરી દીધો અને પોતાને ફાંસામાંથી કાઢી લીધો.

# દિલ્હીમાં ધનિકો પ્રદૂષણ ફેલાવે છે અને ગરીબો સહન કરે છે : સુપ્રીમ આકરા પાણીએ

ન્યુ દિલ્હી,તા.૧૫

દિલ્હી-NCRમાં વકરી રહેલા વાયુ પ્રદૂષણના સંકટ પર વરિષ્ઠ અધિવક્તાએ સુપ્રીમ કોર્ટનું ધ્યાન દોર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રદૂષણ નિયંત્રણ સાથે સંબંધિત પ્રોટોકોલ અસ્તિત્વમાં છે, પરંતુ તેનું યોગ્ય રીતે પાલન થઈ રહ્યું નથી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ(CJI)એ ગંભીર ટિપ્પણી કરતાં કહ્યું કે ધનિકો દ્વારા પ્રદૂષણ ફેલાવાય છે અને ગરીબો તેનાથી સૌથી વધુ પીડાય છે. વરિષ્ઠ અધિવક્તાએ કોર્ટને જણાવ્યું કે



ગયા મહિને સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર-જાન્યુઆરી દરમિયાન રમતગમતની પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનો નિર્દેશ આપ્યો હતો, તેમ છતાં વિવિધ સ્થળોએ રમતગમતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે રાજ્ય સરકારો કોર્ટના આદેશોને અવગણવા માટે 'ઉપાયો અને સાધન' અપનાવી રહી છે. તેમણે એ પણ નોંધ્યું કે વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ (CAQM) ફરી એકવાર સુપ્રીમ કોર્ટના આદેશોનો હવાલો આપી રહ્યું છે, પરંતુ જમીની સ્તર પર સ્થિતિમાં કોઈ સુધારો દેખાતો નથી. આ મુદ્દે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે કોર્ટ આ સમસ્યાથી સંપૂર્ણપણે વાકેફ છે અને માત્ર એવા જ આદેશો પસાર કરવામાં આવશે જે અસરકારક હોય અને તેનું પાલન કરાવી શકાય. CJI એ ટિપ્પણી કરી કે કેટલાક નિર્દેશો એવા હોય છે, જેને બળજબરીથી લાગુ કરવા પડે છે, પરંતુ મહાનગરોમાં લોકોની પોતાની જીવનશૈલી હોય છે, જેને બદલવી સરળ નથી.

**રેલીમાં કોણે સુત્રોચ્ચાર કર્યા તે અમને ખબર નથી કહી કોંગ્રેસે હાથ અધ્ધર કર્યા**

# પીએમના મૃત્યુના સુત્રોચ્ચારને લઈ બંને ગૃહમાં ભાજપના સાંસદોનો વિરોધ

ન્યુ દિલ્હી,તા.૧૫

સંસદના શિયાળુ સત્રના ૧૧મા દિવસે, સોમવારના રોજ, બંને ગૃહોમાં ભાજપના સાંસદોએ કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદી વિરુદ્ધ થયેલા સૂત્રોચ્ચારનો મુદ્દો ઉઠાવ્યો. રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે, વડાપ્રધાન વિરુદ્ધ આવી વાતો કરવી, તેમના મૃત્યુની કામના કરવી શરમજનક છે. નડ્ડાએ કહ્યું, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને



કોંગ્રેસ સંસદીય પક્ષ (સીપીપી)ના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સમગ્ર રાષ્ટ્રની માફી માગવી જોઈએ. લોકસભામાં, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું, ૧૪૦ કરોડ ભારતીયો અને વિશ્વના સૌથી પ્રખ્યાત નેતા આવા સૂત્રોચ્ચારનો સામનો કરે તેનાથી વધુ શરમજનક શું હોઈ શકે. બંને ગૃહોમાં પીએમ વિરુદ્ધ સૂત્રોચ્ચાર અને માફીની માગણીઓ ગુંજી ઉઠી. કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ, પરંતુ હોબાળાને કારણે, ચર્ચાઓ ૧૦ મિનિટ માટે પણ રોકી દેવામાં આવી, અને કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૧૨ વાગ્યે ફરી શરૂ થઈ. જોકે, બપોરે ૧૨ વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં જ હોબાળો મચી ગયો, જેના કારણે કાર્યવાહી ફરીથી ૨ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભાજપના આરોપો પર વળતો પ્રહાર કર્યો. પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, અમને ખબર નથી કે આ બધું કોણે કહ્યું. રેલીના

**કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સમગ્ર રાષ્ટ્રની માફી માંગે : જે.પી. નડ્ડા**

મંચ પરથી કોઈએ આવું કંઈ કહ્યું નહીં. પાછળથી, એવું બહાર આવ્યું કે કોઈએ એક ઈન્ટરવ્યુમાં આવું કહ્યું હશે ભાજપ પોતે જાણતું નથી કે કોણે સૂત્રોચ્ચાર કર્યા હતા.







# મનરેગાને નાબૂદ કરી કેન્દ્ર નવી ગ્રામીણ યોજનાનું બિલ લાવશે

ન્યુ દિલ્હી,તા.૧૫



મનરેગાને નાબૂદ કરવાની કેન્દ્ર સરકારે તૈયારી દાખવી દીધી છે. ગ્રામીણ રોજગાર માટે નવો કાયદો લાવવા માટેના બિલની નકલ લોકસભાના સભ્યોને સોંપવામાં આવી છે. જેમાં 'વિકસિત ભારત ગેરંટી રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ૨૦૨૫' નામનું નવું બિલ લાવી ૧૨૫ દિવસ માટે રોજગારની કાનૂની ગેરંટી આપવાનો તખ્તો ઘડાયો છે. કેન્દ્ર સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને રદ કરાવવા અને ગ્રામીણ રોજગાર માટે નવા કાયદાને પસાર કરવા બિલની નકલો લોકસભાના સભ્યોને આપી છે. આ નવા બિલનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિકાસનો ઢાંચો પુનઃસ્થાપિત કરી વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યને હાસંલ કરવાનો છે.



# ગુજકોમાસોલ-ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી કોઈમ્બતુરમાં ઈફકો-નાનોવેન્શન્સ સંશોધન કેન્દ્રની મુલાકાતે

**તમામ રાજ્યોના ઈફકો માર્કેટિંગ મેનેજરો સાથે બેઠક પણ યોજી**

અમરેલી, તા.૧૫

ગુજકોમાસોલ, ઈફકો અને એનએસયુઆઈના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ આજે ઈફકો–નાનોવેન્શન્સના કોઈમ્બતુર સ્થિત ઉત્પાદન તથા સંશોધન કેન્દ્રની મુલાકાત લઈને નાનોવેન્શન્સ પરિવાર, વૈજ્ઞાનિકો તથા અધિકારીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે નાનોવેન્શન્સ ઉત્પાદન-સહ-સંશોધન કેન્દ્રનું વિસ્તૃત નિરીક્ષણ કર્યું તથા ઈફકો–નાનોવેન્શન્સની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. આ દરમિયાન અદ્યતન પ્રયોગશાળાનું અવલોકન કર્યું અને વૈજ્ઞાનિકો તથા સંશોધન ટીમો સાથે વિગતવાર ચર્ચા કરીને સંશોધન અને વિકાસ સંબંધિત મુખ્ય પ્રવૃત્તિઓ પર વિચારવિમર્શ કર્યો.






કેન્દ્રમાં જોવા મળતી સમર્પણભાવના, નવીનતા અને વૈજ્ઞાનિક શ્રેષ્ઠતાની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે આવા સંશોધન પ્રયાસો દીર્ઘકાલીન કૃષિ ભવિષ્યને આકાર આપવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખેડૂતો, અધિકારીઓ અને વૈજ્ઞાનિકોને સંબોધતાં દિલીપભાઈ સંઘાણીએ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સહકારિતા મંત્રી અમિત શાહના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને મિશન પર વિશેષ ભાર મૂક્યો. તેમણે ખેડૂતોને અપીલ કરી કે ઈફકો નેનો ખાતર, ધરામૃત ગોલ્ડ અને કુદરતી ખેતી જેવા વિકલ્પો અપનાવે, જેથી દીર્ઘકાલીન માટી સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ કૃષિ વિકાસ સુનિશ્ચિત થઈ શકે. તેમણે ઈફકો અને નાનોવેન્શન્સના અધિકારીઓને સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવા સૂચન કર્યું, જેથી ઉચ્ચ ગુણવત્તાવાળા, પોષક તત્વ કાર્યક્ષમ ઉત્પાદનો અને શ્રેષ્ઠ સેવાઓ દ્વારા ખેડૂતોને વધુ લાભ મળી શકે. તેમણે જણાવ્યું કે સતત નવીનતા અને મજબૂત સહકારી પ્રયાસો જ પાક ઉત્પાદકતા વધારવા, ખેડૂતોની આવકમાં વધારો કરવા અને તેમની સર્વાંગી સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની ચાવી છે. આ પ્રસંગે ઈફકોના મેનેજિંગ ડિરેક્ટર કે. જે. પટેલ, ડિરેક્ટર (CRS) બિરિંદર સિંહ, ઈફકો–નાનોવેન્શન્સના મેનેજિંગ ડિરેક્ટર અરુણાચલમ લક્ષ્મણ, ઈફકો–નાનોવેન્શન્સના ડિરેક્ટરો, ઈફકો કાલોલ નાનો પ્લાન્ટના વડા પી.કે. સિંહ, તમામ રાજ્ય માર્કેટિંગ પ્રમુખો તથા ઈફકોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# રાજુલાના ગુમ બાળકનું ૧૧૨ જન રક્ષકની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના રાજુલામાંથી પોતાના ઘરે જાણ કર્યા વગર નીકળી ગયેલા ૧૩ વર્ષના બાળકને ૧૧૨ (જન રક્ષક)ની ટીમે સફળતાપૂર્વક તેના પરિવારને સોંપી ઉત્તમ કામગીરી કરી છે. આ બાળક રાજુલાથી એસ.ટી. બસમાં સાવરકુંડલા જવા નીકળ્યો હતો, ત્યારે બસના મહિલા કંડક્ટરે ૧૧૨નો સંપર્ક કર્યો હતો. બાઢડા મુકામે ફરજ પર રહેલી ૧૧૨ની ટીમને જાણ થતાં, તેમણે તુરંત રસ્તામાં બસને ઉભી રખાવી બાળકને સુરક્ષિત રીતે નીચે ઉતાર્યો અને સાવરકુંડલા રૂરલ પો. સ્ટેશન લઈ ગયા હતા.



પૂછપરછમાં જાણવા મળ્યું કે બાળકના માતા-પિતા હયાત નથી અને તે તેના મોટા પપ્પા-મમ્મી સાથે રહે છે. ૧૧૨ના પાયલટ નિખીલભાઈ પરમાર અને કોન્સ્ટેબલ વનરાજભાઈ પસવાળાની ટીમે બાળકને રાજુલા લઈ જઈ તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. ૧૧૨ની આ સરાહનીય કામગીરી બદલ તેમનો ધન્યવાદ માન્યો હતો.

# બી. એન. વિરાણી ગર્લ્સ સ્કૂલ ખાતે ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની વિદ્યાર્થિનીઓએ લાભ લીધો**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત બી.એન. વિરાણી ઉચ્ચતર માધ્યમિક ગર્લ્સ સ્કૂલ અમરેલી ખાતે શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે ધોરણ-૧૨ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની વિદ્યાર્થિનીઓ માટે બોર્ડ પરીક્ષાની તૈયારી અંગે પ્રેરણાત્મક માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને યોગ્ય અભ્યાસ આયોજન, સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. અનુભવી સ્ટાફે બોર્ડ પરીક્ષાનું મહત્વ સમજાવી વિદ્યાર્થિનીઓને સકારાત્મક વિચાર સાથે તૈયારી કરવા પ્રોત્સાહિત કરી હતી.



# સા.કુંડલાની સીટી સર્વે કચેરીમાં એક કર્મચારી પાસે પાંચ ગામોનો ચાર્જ, અરજદારોના કામ ટલ્લે

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાની સીટી સર્વે કચેરીમાં છેલ્લા ૬/૭ માસથી કોઈ નોંધ થઈ નથી. સામાન્ય રીતે વારસાઈ, હક કમી, વેચાણ, બોજા મુક્તિ વગેરેની નોંધ નિયમિત થવી ખૂબ આવશ્યક છે, પરંતુ અહીં કામો પેન્ડિંગ છે. ઓનલાઈન પ્રોપર્ટી કાર્ડમાં બ્રેકેટ નામ થયેલ છે, તેનો નિકાલ પણ ઓફિસની ભૂલ હોવા છતાં થતો નથી.



તસવીર : સૌરભ દોશી

સીટી સર્વેની કચેરી હાલ દરબારગઢમાં નગરપાલિકાની જગ્યા ઉપર બેસે છે અને ઓફિસ જેવું કંઈ છે નહીં. આ કચેરીમાં ૩/૪ કર્મચારીની જરૂર છે, ત્યાં માત્ર ૧ કર્મચારીને કારણે લોકોનું કામ પેન્ડિંગ રહે છે અને લોકો પરેશાન થાય છે. કર્મચારી બહારગામથી અપડાઉન કરતા હોવાથી કચેરીમાં પૂરતો સમય પણ આપી શકતા નથી.

આખા અઠવાડિયામાં માત્ર સોમ અને મંગળ બ જ દિવસે સીટી સર્વે કચેરીના કર્મચારી હાજર રહે છે. તેમાં પણ સોમવારે કોર્ટની તારીખ છે કે મિટિંગ છે તેવા બહાને આવતા નથી અને લોકોને ધરમધક્કો ખાવો પડે છે. પ્રજાના વારસાઈ, હક કમી, વેચાણ, બોજા મુક્ત વગેરે પ્રશ્નો ફૂટબોલની જેમ ફંગોળાયા છે. વધુમાં, કચેરીમાંથી નોટિસો પણ સરખા સરનામે અને સરખા અક્ષરે હોતી નથી, જેથી લોકો પરેશાન થાય છે. રિમાન્ડ કેસ પણ ૫/૭ વર્ષથી પડતર છે, જેનો નિકાલ થતો નથી.

સાવરકુંડલાની સહનશીલ પ્રજામાં રોષની લાગણી જન્મી છે અને સીટી સર્વે કચેરીના પ્રશ્નોને લઈ લોકો હાલ લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. જો ૧૦ દિવસમાં પ્રશ્નો ન ઉકેલાય તો સાવરકુંડલા બંધ જેવા જલદ કાર્યક્રમો થાય તો પણ નવાઈ નહીં. અહીંના કર્મચારી નિયમિત આવે અને નિયમ મુજબ કામગીરી થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# સાવરકુંડલાના પાલા વિસ્તારમાં રાત્રે પેટ્રોલિંગ વધારવા વેપારીઓની પોલીસને રજૂઆત

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાના નદી બજારના વેપારીઓએ પોલીસમાં રજૂઆત કરી હતી કે, અમારા પાલા નદી કાંઠે આવેલ છે. અમારો વેપારનો કિંમતી સામાન આ પાલા એટલે કે દુકાનોમાં હોય છે. આ પાલાઓમાં અવારનવાર રાત્રે તાળા તોડવા અને પતરા વિગેરે કાઢીને ચોરી થાય છે. આ બાબતે અગાઉ પોલીસ સ્ટેશનમાં રૂબરૂ તથા લેખિત રજૂઆત પણ કરેલ છે. આમ છતાં દુકાનોમાં સતત ચોરી થતી રહે છે, છેલ્લા બે માસમાં દસેક વખત નાની-મોટી ચોરી થયેલ છે. આમ છતાં રાત્રે પેટ્રોલિંગ વધારેલ ન હોય અને રાત્રે હોમગાર્ડ જવાનો કે અન્ય કર્મચારીઓ ડયુટીમાં સુઈ જતાં હોય અને રાત્રે ફરજમાં બેદરકારી દાખવતા હોય તેમ લાગે છે. મહુવા-અમરેલી રોડ સતત જાગતો રોડ હોવા છતાં ચોર બેફામ થઈ ગયા છે. આથી રાત્રી પેટ્રોલિંગ વધારવા પોલીસને પાલા એસોસિએશનના પ્રમુખ નવીનભાઈ ગોળવાળા અને અન્ય સભ્યોએ રજૂઆત કરી છે.



# સાવરકુંડલામાં ભરવાડ સમાજના ૨૦ યુગલોનો સમૂહ લગ્નોત્સવ સાથે ૧૧મો શૈક્ષણિક સન્માન સમારોહ સંપન્ન

સાવરકુંડલા,તા.૧૫

મુરલીધર છાત્રાલયના ઉમદા હેતુને સિદ્ધ કરવા માટે, બાલગોપાલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ-સાવરકુંડલા સંચાલિત મુરલીધર ગોપાલક કુમાર છાત્રાલયના લાભાર્થે મુરલીધર ગોપાલક યુવા ગૃપના સહયોગથી વી.જે. પારેખ આંખની હોસ્પિટલ ગ્રાઉન્ડ, હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, ટ્રસ્ટ દ્વારા ભરવાડ સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું, જેમાં કુલ ૨૦ નવયુગલોએ પરંપરાગત રીતિ-રિવાજ અને ધાર્મિક વિધિઓ સાથે પ્રભુતામાં પગલાં માંડીને દાંપત્યજીવનની યાત્રાનો શુભારંભ કર્યો હતો. સમૂહ લગ્નોત્સવની સાથે જ, ટ્રસ્ટ દ્વારા શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં ૧૧મો શૈક્ષણિક સન્માન સમારોહ પણ યોજાયો હતો.


તસવીર : સૌરભ દોશી

આ ટ્રસ્ટના શિક્ષણ ઉત્કર્ષના ધ્યેયને અનુરૂપ, આ સમારોહમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ભરવાડ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સા.કુંડલા નગરપાલિકામાં 'ફાયર ફાઈટીંગ' ઓપરેશન: અનિયમિત રોજમદાર કર્મચારીઓ છૂટા કરાયા

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા નગરપાલિકામાં હાલમાં રોજમદાર કર્મચારીઓની અનિયમિતતાનો મુદ્દો ચર્ચામાં છે. વર્તમાન ચીફ ઓફિસર દ્વારા નગરપાલિકાના તમામ વિભાગોમાં અચાનક સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવતા, ઘણા રોજમદાર કર્મચારીઓની લાંબા સમયથી ચાલી આવતી ગેરહાજરી અને અનિયમિતતા ધ્યાને આવી હતી. આ 'ફાયર ફાઈટીંગ' ઓપરેશનના ભાગરૂપે, ફરજ પર અનિયમિત રહેતા અનેક રોજમદાર કર્મચારીઓને છૂટા કરવાના આદેશ આપવામાં આવ્યા છે, જેમાં અંદાજે પચાસથી વધુ કર્મચારીઓની હકાલપટ્ટી કરાઈ હોવાના અહેવાલો છે. જોકે, નગરના જાગૃત નાગરિકોની માંગ છે કે આટલા સમયથી ચાલી આવતી બેદરકારી અને તેના કારણે થયેલા લાખોના નુકસાન માટે જવાબદારી કોની ફિક્સ કરવી? નાગરિકો દ્વારા આ પગાર સ્વરૂપી ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઉચ્ચ સ્તરીય તપાસ અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.











# ધારીના હિમખીમડી પરા વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પાણી ઘરમાં ઘૂસ્યા: પાલિકાની કામગીરી સામે લોકોમાં રોષ

ધારી,તા.૧૫

ધારી નગરપાલિકા જ્યારથી અસ્તિત્વમાં આવી ત્યારથી લઈને આજદિન સુધી વિવાદોમાં જ રહી છે. લોકોની મૂળભૂત સુવિધા આપવામાં આ નગરપાલિકા સદંતર નિષ્ફળ ગઈ છે, તેવા આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. કચરાની વાત હોય, ભૂગર્ભ ગટરના ખુલ્લા ઢાંકણાની વાત હોય કે ભૂગર્ભ ગટરની વાત હોય, ક્યારેય પણ નગરપાલિકા દ્વારા યોગ્ય કામગીરી થઈ જ નથી.


તસવીર : સંજય વાળા

ધારી નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતા હિમખીમડી પરા વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પાણી લોકોના ઘરની અંદર સુધી પહોંચતા લોકોનું જીવવાનું પણ હરામ થઈ ચૂક્યું છે. ત્યાંના સ્થાનિકોએ આ બાબતને લઈને રજૂઆતો પણ કરી છે, પરંતુ નગરપાલિકા દ્વારા આજદિન સુધી કોઈ નક્કર કામગીરી થઈ જ નથી.

આ બાબતને લઈ સ્થાનિકો દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસર ઉણ સાથે થયેલ ચર્ચા મુજબ, નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવેલ કે હાલ અમારી નગરપાલિકા ખાતે સેટઅપ તેમજ મશીનરી પણ પૂરતા પ્રમાણમાં નથી, જેથી સ્થાનિકોની અપેક્ષા અનુસાર અમે કામગીરી કરી શકતા નથી. તેમણે ઉમેર્યું હતું કે ટૂંક સમયમાં લોકોને માગણી સંતોષાશે.

# અમરેલીમાં વિદ્યાસભા ગેટની બહાર રોડ પર સ્પીડબ્રેકર મુકવા વાલીઓની માંગ

**વારંવાર રજૂઆત છતાં સ્પીડબ્રેકર મુકવામાં ન આવતા વાલીઓમાં રોષ**

અમરેલી,તા.૧૫

અમરેલી શહેરના લાઠી રોડ પર વિદ્યાસભા શાળાના ગેટ સામે સ્પીડ બ્રેકર ન મુકાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ ફેલાયો છે. આ માર્ગ પર શાળાઓ અને કોલેજો વધુ હોવાથી વિદ્યાર્થીઓની સતત અવરજવર રહે છે, જેના કારણે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. લાઠી રોડ અમરેલીના સૌથી વ્યસ્ત માર્ગો પૈકી એક છે. વિદ્યાસભા શાળાના વિદ્યાર્થીઓ સાયકલ અને વાહનો સાથે સતત અવરજવર કરે છે. હાલમાં આરસીસી રોડનું કામ પણ ચાલુ હોવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વકરી છે. વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે, વિદ્યાસભા શાળા દ્વારા માર્ગ-મકાન વિભાગને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી, જેમાં ગેટની સામેની બાજુએ બંને તરફ સ્પીડ બ્રેકર મુકવાની માંગણી કરાઈ હતી. તેમ છતાં વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે.



## બગસરામાં વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

બગસરા, તા.૧૫

બગસરામાં એક વિદ્યાર્થિનીએ જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે સલમાબેન જાવેદભાઈ જફાઇ (ઉં.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ તેની દીકરી છેલ્લાં ઘણા સમયથી ગુમસુમ રહેતી હતી જેથી અચાનક જ રાત્રીના સમયે વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ જતા મરણ પામતા અરેરાટી પ્રસરી જવા પામી હતી.

## અમરેલી જિલ્લામાંથી ૧૯ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૯ શરાબીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. ખડાધાર ચેકપોસ્ટ પરથી ૯ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં પકડાયા હતા. દામનગરમાં એક મહિલાના રહેણાંક મકાનેથી ૨ લીટર અને જાફરાબાદમાંથી ૩ લીટર મળી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# જાફરાબાદના નાગેશ્રી પોલીસ સ્ટેશન પીએસઆઈની બદલી થતા વિદાયમાન અપાયુ

જાફરાબાદ,તા.૧૫

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી પોલીસ સ્ટેશનના PSI પી.બી. ચાવડાની બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા દ્વારા તાજેતરમાં કરાયેલી અધિકારીઓની બદલીઓમાં તેમને નાગેશ્રીથી પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે નિયુક્ત કરાયા છે. તેમની બદલી નિમિત્તે આજે વિદાય કાર્યક્રમ યોજાયો હતો. આ વિદાય કાર્યક્રમમાં જિલ્લા કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂ, કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા, નાગેશ્રી સરપંચ નરેન્દ્રભાઈ વરૂ અને યશવંતભાઈ વરૂ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા. આગેવાનોએ નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારના ગામડાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં PSI ચાવડા દ્વારા કરાયેલી ઉત્કૃષ્ટ કામગીરીની પ્રશંસા કરી હતી. તેમની સેવાઓને બિરદાવીને તેમને વિદાય આપવામાં આવી હતી.


તસવીર : બાબુ વાઢેળ

# અમરેલીમાં દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્ન યોજાશે

**ફેબ્રુઆરીના રોજ સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું કરાયું આયોજન**

અમરેલી,તા.૧૫

અમરેલીમાં મહિલા દિવ્યાંગ દિપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સર્વ જ્ઞાતિ સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં જોડાવા માંગતા હોય તો તેઓને આ સંસ્થાનો સંપર્ક કરવા જણાવાયું છે. દિવ્યાંગ દિપ સેવા સેન્ટર, જિલ્લા પંચાયત ઓફિસ પાસે, મુન્નાભાઈ રાઠોડનો સંપર્ક કરવો. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫ જાન્યુ. છે તો વહેલી તકે સંપર્ક કરવો. અનાથ દિવ્યાંગ દિકરા-દિકરી હોય તો આ સંસ્થા દ્વારા વિનામૂલ્યે લગ્ન કરી આપીએ છીએ તેમ મુન્નાભાઈ રાઠોડની યાદીમાં જણાવાયું છે.

# ધારીના મનમંદિર શૈક્ષણિક સંકુલ ખાતે વેસ્ટમાંથી બેસ્ટ આઈટમો બનાવાઈ

**શાળા પરિવારની મહેનતથી બાળકોએ અલગ-અલગ આઈટમો બનાવી**

ધારી ,તા.૧૫

મનમંદિર શૈક્ષણિક સંકુલ ધારીની શાળામાં બાલમંદિરથી ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' થીમ પર આધારિત અદ્‌ભુત વસ્તુઓ બનાવી હતી. જેમાં શોપીસ, પક્ષી-પ્રાણીઓના મોડેલ, વૃક્ષો, ઝુલા, કાવડ, પેન બોક્સ અને અલગ-અલગ મકાનો જેવી ક્રિએટીવ આઈટમો પ્રદર્શિત કરવામાં આવી હતી. સંસ્થાના ડાયરેક્ટર વાળાભાઈએ જણાવ્યું કે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફે સખત મહેનત કરી હતી. આ પહેલનું સફળ માર્ગદર્શન સંસ્થાના પ્રિન્સિપાલ વ્યાસ પ્રિયંકાબેન દ્વારા આપવામાં આવ્યું હતું.






BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


# અમરેલી નગરપાલિકામાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શન ગાડીઓનું પ્રસ્થાન કરાયુ

અમરેલી,તા.૧૫

અમરેલી નગરપાલિકાએ શહેરમાં સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન સુધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. શહેરના ૧૧ વોર્ડમાં કાર્યરત કરવા માટે ૧૫ નવી ડોર-ટુ-ડોર કચરા કલેક્શન ગાડીઓનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થાથી શહેરીજનોને કચરાના નિકાલમાં નોંધપાત્ર રાહત મળશે. આ ગાડીઓમાં કચરાનો વૈજ્ઞાનિક ઢબે પાંચ અલગ-અલગ પ્રકારોમાં સંગ્રહ કરવામાં આવશે, જેમાં ભીનો કચરો, સૂકો કચરો, જોખમી કચરો, ઈ-વેસ્ટ અને સેનેટરી નેપકીનનો સમાવેશ થાય છે. આ પહેલનો હેતુ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાનો છે. નગરપાલિકાએ સ્વચ્છતા સંબંધિત ફરિયાદો અને સૂચનો માટે એક હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે, જેનાથી નાગરિકો સફાઈ વ્યવસ્થામાં સીધા સહભાગી થઈ શકશે.




GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડો સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડો સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## અવસાન નોંધ

**રાજકોટ**

માણાવદર નિવાસી હાલ રાજકોટ ઇન્દુબેન પ્રવીણચંદ્ર મોદી (ઉ.વ. ૮૦) તે પ્રવીણચંદ્ર હિરાચંદ મોદીના પત્ની તેમજ સંજયભાઈ મોદી તથા કેયુરભાઇ મોદીના માતા તેમજ સ્વ. હરજીવન જુઠાભાઇ સંઘવીના દીકરીનું તા. ૧૩ના અવસાન થયું છે.


ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફ્ક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525



શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૪૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ કાંતિભાઈ વેલાભાઈ
સરનામું :- મુ.ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી શિયાળ કાંતિભાઈ વેલાભાઈ એ તેમના પુત્ર નામે શ્રી શિયાળ કમલેશભાઈ કાંતિભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૧૯ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૫૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હસમુખભાઈ રાવતભાઈ જાજડા
સરનામું :- મુ.ભાદરા, તા.મહુવા, જી.ભાવનગર
હાલ રહે.વિક્રમનગર સોસાયટી વિભાગ-૨, નં.૫૫, પુણા સુરત

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડોળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ભાદરા મુકામે ના શ્રી હસમુખભાઈ રાવતભાઈ જાજડા એ તેમની પુત્રી નામે શ્રી જાજડા ભાવિષા હસમુખભાઈ નો જન્મ તા.૦૫/૦૮/૨૦૧૧ ના રોજ રાજુલા તાલુકાના ડોળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ૧૦ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૪૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ભગવાનભાઈ રાજાભાઈ ગુજરીયા
સરનામું :- મુ.સમઢીયાળા-૧, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - સમઢીયાળા-૧, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ મુકામે ના શ્રી ભગવાનભાઈ રાજાભાઈ ગુજરીયા એ તેમની પુત્રી નામે શ્રી મંજુબેન ભગવાનભાઈ ગુજરીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૯ ના રોજ રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૨૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બારૈયા ભાણાભાઈ મકનભાઈ
સરનામું :- રહે.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી બારૈયા ભાણાભાઈ મકનભાઈ એ તેમના પુત્ર નામે શ્રી બારૈયા કિરણભાઈ મકનભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# લાઠીની તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે કવિ સંમેલન અને ભજનનો કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૧૫



**કવિ સ્નેહી પરમારે 'સભા પાત્રતા' ગઝલ રજૂ કરીને ભાવકોને ભાવવિભોર કર્યા**

લાઠી-અમરેલી હાઈવે પરની તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે ભાગવતાચાર્ય પ.પૂ. જીજ્ઞેશદાદા 'રાધે રાધે' ની નિશ્રામાં પ્રેમ મંદિર સંકુલમાં સંત નિવાસ હોલમાં કવિ સંમેલન અને ભજનના વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન શનિવાર રાત્રે થયું હતું. બે સત્રના કાર્યક્રમમાં પ્રથમ સત્રમાં કવિઓની બેઠકમાં શશિભાઈ રાજ્યગુરુ કવિ 'હેમાળવી' એ 'આંગણે આવે છે શ્યામ' અને 'મને દ્વારકાના રાજ હવે ગમતા નથી' જેવી તેમની પ્રચલીત ગીત રચનાઓ રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ગુજરાતના પ્રથમ હરોળના કવિ સ્નેહી પરમારે સમગ્ર ગુજરાતમાં પ્રસિધ્ધ થયેલી 'સભા પાત્રતા' ગઝલ રજૂ કરીને ભાવકોને ભાવવિભોર કર્યા હતા. કવિ હરેશ વડાવીયાએ પણ તેમની રચનાઓ રજૂ કરીને પ્રેક્ષકોને ડોલાવ્યા હતા. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ કવિ હરજીવન દાફડાએ તેમની આગવી સ્ટાઈલમાં રચનાઓ રજૂ કરી હતી. કવિ સંમેલનનું સંચાલન કવિ તુષારભાઈ વ્યાસે કર્યું હતું. કાર્યક્રમના બીજા સત્રમાં ભજનિક જયદીપ સોની તથા તેમના સંગીત ગ્રુપ દ્વારા ભજન, ગઝલ, સુફી વાણી, કબીર વાણી અને કલાસિકલ ભજનો રજૂ કરીને શ્રોતાઓને રસ તરબોળ કર્યા હતા. કાર્યક્રમના અંતમાં જીજ્ઞેશ દાદાએ આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમનું સંકલન ભાર્ગવભાઈએ કર્યું હતું. હેમાંગભાઈ ટાંક સહિત સંસ્થાના સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સા.કુંડલાના વિજપડી ગામે પાન મસાલાના પૈસા માંગતા દુકાનમાં તોડફોડ કરી

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે એક સામાન્ય ખરીદીના પૈસા બાબતે મામલો બિચક્યો હતો, જેમાં એક શખ્સે પાનની દુકાનમાં તોડફોડ કરી માલિક અને તેના પુત્રને માર માર્યો હતો અને બાદમાં તલવાર લઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહેબુબભાઈ અલારખભાઈ ખોખર (ઉ.વ.૫૫) એ જાવેદભાઈ યુનુસભાઈ શેખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક વિગતો મુજબ, તેઓ વિજપડી ગામે 'મધુરમ પાન' નામની દુકાન ધરાવે છે. તેમની દુકાને આરોપી પાન-મસાલા અને સોડા જેવી વસ્તુઓની ખરીદી કરવા આવ્યો હતો. તેમણે ખરીદી કરેલી વસ્તુઓના પૈસા માંગતા, આરોપીએ પૈસા આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી અને ઉશ્કેરાઈને ગાળો આપી હતી. તેમણે ગાળો આપવાની ના પાડી, ત્યારે આરોપીએ વધુ ઉગ્ર બનીને ગેરકાયદેસર રીતે પાનના ગલ્લામાં પ્રવેશ કર્યો હતો અને દુકાનની અંદર રહેલા માલસામાનની તોડફોડ કરી હતી. આ હુમલામાં દુકાનમાં આશરે બે હજાર રૂપિયાનું નુકસાન થયું હતું. આ સમગ્ર ઘટના બાદ થોડીવારમાં આરોપી ફરીથી હાથમાં તલવાર લઈને દુકાન પાસે આવ્યો હતો અને તેમને તેમજ તેના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાવરકુંડલામાં માતા સાથે ખરીદી કરવા આવેલી આંબરડી ગામની યુવતી લાપતા બની

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા ખાતે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં માતા સાથે ખરીદી કરવા આવેલી ૨૭ વર્ષીય યુવતી કોઈને જાણ કર્યા વિના અચાનક ગુમ થઈ ગઈ છે. આ મામલે યુવતીના પરિવારે પોલીસનો સંપર્ક કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આંબરડી ગામે રહેતા સવીતાબેન નિત્યાનંદભાઈ પરમાર (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ તેમની પુત્રી રીંકલ (ઉં.વ. ૨૭) ને લઈને સાવરકુંડલા ખાતે ખરીદી કરવા માટે આવ્યા હતા. ખરીદી દરમિયાન, રીંકલ કોઈને જાણ કર્યા વગર અચાનક ત્યાંથી ક્યાંક ચાલી ગઈ હતી અને ત્યારથી તેનો કોઈ પત્તો લાગ્યો નથી. યુવતીના પરિવારે આસપાસના વિસ્તારોમાં અને સંભવિત સ્થળો પર તેની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ ભાળ ન મળતાં અંતે પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ગુમ થયેલી યુવતી અંગે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

# સાવરકુંડલામાં શ્રીવિદ્યાગુરુ ફાઉન્ડેશનના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર યોજાશે

સાવરકુંડલા,તા.૧૫



સાવરકુંડલા શહેરમાં આવેલ રામજી અમરશી સેનિટોરિયમ ખાતે શ્રીવિદ્યાગુરુ ફાઉન્ડેશન, સાવરકુંડલાના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર તારીખ ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભવ્ય રીતે યોજાનાર છે. સેવા અને સંસ્કારને જીવનમંત્ર બનાવનાર વિદ્યાગુરુ ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ મહેતાની પ્રેરણાથી આ ઐતિહાસિક જ્ઞાનસત્રનું આયોજન થઈ રહ્યું છે.

આ ત્રિદિવસીય જ્ઞાનસત્રનું આયોજન મોરારીબાપુના આશીર્વાદ સાથે રામજી અમરશી સેનિટોરિયમના વિશાળ પ્રાંગણમાં કરવામાં આવ્યું છે. આ જ્ઞાનસત્ર દરમિયાન ગુજરાત તેમજ ગુજરાત બહાર વસતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન માટે કાર્યરત અગ્રણી લેખકો, કવિઓ, નિબંધકારો તથા મોટી સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે. આ વિશાળ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીરભાઈ ભટ્ટ, શ્રીવિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા તથા કાણકીયા કોલેજના પ્રિન્સિપાલ ડો. રવિયા વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમરેલીના લાલાવદર ગામે ગાળો બોલી મહિલાના પતિને ધમકી આપી

અમરેલી, તા.૧૫

અમરેલીના લાલાવદર ગામે એક પરિણીતાને તેના પતિની હાજરીમાં ગાળો આપી હતી. મંજુલાબેન રમેશભાઈ માધડ (ઉ.વ.૫૦)એ વસંતભાઈ ડાયાભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના દીકરા સુરેશ અને રાહુલ લાલવદરવાળાને બોલાચાલી થઈ હતી. આ બાબતે સમાધાન થઈ ગયા બાદ આ કામના આરોપી પોતાના હવાલાવાળી ફોરવ્હીલ લઈ આવીને તેમના ઘરમાં પ્રવેશ્યો હતો. તેમના પતિને કહ્યું કે, 'તું આ લાલાવદર ગામના આપણા સમાજના લોકો વિરૂદ્ધ કેમ બોલે છે' તેમ કહી ગાળો આપતા તેને સમજાવવા જતા હાથ પકડી લઈ ધક્કો માર્યો હતો. તેમજ સ્ત્રી ગરીમાનો ભંગ કરી હાજર તમામ સ્ત્રીઓને જેમ ફાવે તેમ ખરાબ ગાળો આપી હતી. તેમજ તેમને તથા તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલાના છતડીયાના પરિવાર દ્વારા આઈશ્રી સોનલમાના જન્મોત્સવનું ભવ્ય આયોજન

રાજુલા,તા.૧૫



રાજુલાના છતડીયાના સાગરભાઈ ડાભીયા પરિવાર દ્વારા ૧૮/૧૨/૨૫-ગુરુવારના રોજ આઈ શ્રી મા સોનલના જન્મોત્સવ- સોનલ બીજની ભવ્ય ઉજવણીનું આયોજન મહુવાના દેવપ્રયાગ સોસાયટી ખાતે રાજુલા તરફના નેશનલ હાઈવે પર કરવામાં આવેલ છે. તેમાં યજ્ઞ પ્રારંભ ૧૭/૧૨/૨૫ના ૯.૦૦ કલાકે અને શોભાયાત્રા ૩.૦૦ કલાકે, ૧૮/૧૨/૨૫ ના ૩.૦૦ કલાકે દીપ પ્રાગટ્ય-ધર્મસભા, મહાપ્રસાદ, ૭.૦૦ કલાકે, સંતવાણી રાતે ૯.૦૦ કલાકે, જેમાં પૂ. મોરારીબાપુ, સભાના અધ્યક્ષ રમજુબાપુ, દરબાર સત્યજીત ખાચર કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ, દરબાર માંધાતાસિંહજી રાજકોટ, દરબાર દેવભાઈ વરુ પધારશે. આ ઉપરાંત મહેન્દ્રગીરી જૂનાગઢ, ઈન્દ્રભારતીબાપુ જૂનાગઢ, શેરનાથબાપુ જૂનાગઢ, મુક્તાનંદ બાપુ ચાપરડા, હરીહરીનંદબાપુ, બાવકુપુરીબાપુ, વલકુબાપુ ચલાલા, વીજયબાપુ સતાધાર, કણીરામબાપુ દુધરેજ, રામબાપુ બાવળીયાળી, શાંતીબાપુ સુરજદેવળ નીરુબાપુ, બાબભાઈ બાપુ વાવડી, ભક્તિરામબાપુ સાવરકુંડલા, લહેરગીરીબાપુ કોટીયા, ગીરીષ આપા મઢડા, ભારદ્વાજ ગીરીબાપુ મોટા ખુટવડા, નરહરદાનજી કણેરી વગેરે સંતો ઉપસ્થિત રહેશે. આઈમા શ્રી કંકુ કેસર મા, શ્રી મનુમા, શ્રી દેવલ મા, શ્રી રુપલ મા, શ્રી વાલબાઈ મા, શ્રી મી બાઈ મા, શ્રી સોનલ મા વરસડા, શ્રી સતી મા ઈંગોરાળા, શ્રી માલીમા ઘોડાસરા, શ્રી દેવલ મા માલિરા, શ્રી પુનમ મા પાદરીયી, શ્રી અનુમા ગુંદર, શ્રી લાખીઆઈમા ગોધરા નેસ, શ્રી આઈ બા મા વાવડી, શ્રી ઊર્જામૈયા બારપટોળી, શ્રી સાધ્વીશ્રી ગોપાલ માતાજી આદસંગ હાજર રહી આશીર્વાદ પાઠવશે. રાત્રે ભવ્ય લોકડાયરામાં મુખ્ય મહેમાન નિતિનભાઈ જાની ખજુરભાઈ, દેવરાજ ગઢવી, માયાભાઈ આહીર, પરેશદાન ગઢવી, જીજ્ઞેશ કુંચાલા, નાજાભાઈ આહીર જમાવટ કરશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન દરબાર સાગરભાઈ ડાભીયા, કાઠી ક્ષત્રિય સમાજ અગ્રણી, ઘોહાભાઈ ડાભીયા, બદરુભાઈ ડાભીયા દ્વારા કરવામાં આવ્યું છે.

# લાઠીના દેરડી ગામના કિરાણા સ્ટોર માલિકે સાયબર ફ્રોડના રૂ. ૨૬.૪૪ લાખ સગેવગે કર્યા

લાઠી, તા.૧૫

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દેરડી ગામે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક કિરાણા સ્ટોરના માલિકે પોતાના બેંક ખાતાનો ઉપયોગ સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા નાણાં સગેવગે કરવા માટે કર્યો હોવાનું બહાર આવ્યું હતું. દેરડી ગામે રહેતા સુરેશભાઈ મૂળજીભાઈ વાછાણી, **VASANI KIRANA STORE** ના નામથી વેપાર કરે છે, તેમના વિરુદ્ધ આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આરોપીનું લાઠી શાખાની એસ.બી.આઈ. **(SBI)** બેંકમાં એકાઉન્ટ આવેલું છે.

તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી સુરેશભાઈ વાછાણીએ પોતાના બેંક એકાઉન્ટ (નં. ૪૩૪૬૮૫૪૫૫૬૮) માં તા. ૧૬/૦૩/૨૦૨૫ થી તા. ૨૧/૦૪/૨૦૨૫ સુધીમાં અલગ-અલગ તારીખે સાયબર ફ્રોડના કુલ રૂ.૨૬,૪૪,૫૭૬ જમા કરાવ્યા હતા.

સૌથી ગંભીર બાબત એ છે કે, આરોપીને તેના બેંક ખાતામાં ફ્રોડના રૂપિયા જમા થઈ રહ્યા હોવાની જાણ હોવા છતાં, તેણે માત્ર પોતાના આર્થિક ફાયદા માટે આ ખાતાનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો. તેણે આ ફ્રોડના પૈસા જમા કરાવીને ચેક દ્વારા ઉપાડી લીધા હતા અને તેને સગેવગે કરી દીધા હતા. આ મામલે હવે કાયદેસરની તપાસ ચાલી રહી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બારસ
તા. ૧૬-૧૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૧૭,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૧૬-૧૨-૨૦૨૫ મંગળવાર

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે.

સિંહ: બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

# મારી સામે કેમ જુએ છે કહી માથામાં ધારદાર વસ્તુ મારી

જાફરાબાદ, તા.૧૫

જાફરાબાદમાં 'મારી સામે કેમ જુએ છે' કહી માથામાં ધારદાર વસ્તુ મારવામાં આવી હતી. સાજીદભાઈ મહમદઅલી શેખ (ઉ.વ.૨૨) એ ઈમરાન હબસી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ હુસૈની ચોક પાસે ઈમરાન હબસીની દુકાનની બાજુમાં ઉભા હતા તે દરમિયાન આરોપીએ 'મારી સામે કેમ જુએ છે' તેમ કહી તેમને તથા સાહેદને શરીરે ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# પારિવારિક કંકાસથી કંટાળી બાબરાના જામ બરવાળામાં યુવાને આપઘાત કર્યો

બાબરા, તા.૧૫

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના જામ બરવાળા ગામે ઘરકંકાસના કારણે એક યુવાને જીવન ટૂંકાવ્યું હોવાનો કરૂણ બનાવ સામે આવ્યો છે. આ અંગે મૂળ પંચમહાલના ધાનકા ફળિયું ગામના અને હાલ જામ બરવાળા ગામે રહેતા ભાયલાલભાઈ કોચરભાઈ રાઠવાએ જાહેર કર્યા મુજબ, ગોરધનભાઈ કોચરભાઈ રાઠવાને છેલ્લા કેટલાક સમયથી તેમના પત્ની સાથે ઘરકંકાસ ચાલતો હતો જેથી યુવાને આત્મહત્યા જેવું અંતિમ પગલું ભર્યું હતું.

# લાઠીની પરિણીતાને સુરતમાં સાસરિયાએ કનડગત કરી

લાઠી, તા.૧૫

લાઠીની એક યુવતીના લગ્ન મૂળ ધંધુકાના ફતેપુરાના અને હાલ સુરતના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાએ કનડગત કરી હતી. બનાવ અંગે નિશાબેન વિક્રમભાઈ રાફુકીયા (ઉ.વ.૨૫)એ પતિ વિક્રમભાઈ વીરસીંગ રાફુકીયા, વીરસીંભાઈ નરસીંભાઈ રાફુકીયા, કોકીલાબેન વીરસીંગભાઈ રાફુકીયા, દલસુખભાઈ વીરસીંગભાઈ રાફુકીયા તથા સુનીતાબેન દલસુખભાઈ રાફુકીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

# પત્ની દાડીએ ન જતા પતિને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૫

અમરેલીના સોનારીયા ગામે એક પત્ની દાડીએ ન જતાં તેના પતિને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે હરેશભાઈ બાલાભાઈ દાદુકીયા (ઉ.વ.૩૩) એ સુરેશ રણુ વાળા, સંજય રણુ વાળા તથા સંદીપ ઉર્ફે મુનો રણુ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની પત્ની કથીરવદર ગામે આરોપી સુરેશ વાળાની વાડીએ દાડીએ જતા નહોતા. જેનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ફટકા મારી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડી ગંદી ગાળો બોલી હતી.

# સાવરકુંડલાના યુવકના ખાતામાં સાયબર ફ્રોડના રૂ. ૨૮.૧૬ લાખનું ટ્રાન્ઝેકશન થયું

બગસરા, તા.૧૫

સાયબર ક્રાઈમને લગતા એક ગંભીર કિસ્સામાં, એક વ્યક્તિએ પોતાના બેંક ખાતાનો ઉપયોગ કરીને મોટા પાયે સાયબર ફ્રોડના નાણાં સગેવગે કર્યા હતા. સાવરકુંડલામાં રહેતા સાજીદભાઈ મલાદા એ પોતાના નામના બેંક એકાઉન્ટ નંબર ૫૦૧૦૦૭૮૦૩૫૧૪૧૧ નો ઉપયોગ કરી રહ્યો હતો. તારીખ ૨૩/૦૧/૨૦૨૫ થી તા. ૧૪/૦૫/૨૦૨૫ના સમયગાળા દરમિયાન, આ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા કુલ રૂ.૨૮,૧૬,૬૨૬/- જમા કરવામાં આવ્યા હતા. આરોપીને આ રકમ સાયબર ફ્રોડની છે તેની જાણ હોવા છતાં, તેણે પોતાના અંગત આર્થિક ફાયદા માટે આ કૃત્ય કર્યું હતું. આરોપીએ આ સમગ્ર રકમ એ.ટી.એમ. **(ATM)** દ્વારા ઉપાડી લીધી હતી અથવા અન્ય રીતે ટ્રાન્સફર કરાવીને સગેવગે કરી દીધી હતી.


**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૨૧૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી પરમાર રસીલાબેન કનુભાઈ
સરનામું :- રહે.ડોળીયા, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડોળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડોળીયા મુકામે ના શ્રી પરમાર રસીલાબેન કનુભાઈ એ તેમના પુત્ર નામે શ્રી પરમાર જયસુખભાઈ કનુભાઈ નો જન્મ તા.૨૯/૦૫/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના ડોળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૨૧૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રામ ભીખાભાઈ માણસુરભાઈ
સરનામું :- રહે.ભેરાઈ, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ભેરાઈ, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે ના શ્રી રામ ભીખાભાઈ માણસુરભાઈ એ તેમના પિતા નામે સ્વ. માણસુરભાઈ વિસાભાઈ રામ નું મરણ તા.૨૦/૦૫/૨૦૨૧ ના રોજ રાજુલા તાલુકાના ભેરાઈ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૨૩૮/૨૦૨૫

અરજદાર :- શ્રી ભરતભાઈ દેવશીભાઈ વાઘેલા
રહે. ગાવડકા, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ગાવડકા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ગાવડકા ગામમાં અરજદારશ્રી ભરતભાઈ દેવશીભાઈ વાઘેલા તેઓના પુત્રી જયશ્રી ભરતભાઈ વાઘેલા ની જન્મ (તા.૧૬/૦૫/૨૦૧૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**તંત્રી લેખ**

# બાળકોની માસુમ દુનિયામાં AIની એન્ટ્રી ચિંતાજનક

બાળકો મોબાઈલ મોબાઈલને હાથમાંથી હેઠો ના મૂકે તે વાત ચિંતાજનક છે પરંતુ બાળકોના મન પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો કબજો થવા લાગ્યો છે એ સૌથી મોટી ચિંતાની વાત છે. ડિફરન્ટ એંગલ અલ્ગોરિધમ જ્યારે બાળકોની લાગણીઓની દુનિયામાં ઘૂસવા લાગે, ત્યારે કોઈપણ સંવેદનશીલ વ્યક્તિને ચિંતા થવી વાજબી છે. છેલ્લા કેટલાક સમયથી આપણે એક નવો અને આશ્ચર્યજનક ટ્રેન્ડ જોઈ રહ્યા છીએ: આપણાં બાળકો ચેટબોટ સાથે વાતો કરવા લાગ્યાં છે, અને માત્ર હોમવર્ક કે જાણકારી માટે નહીં, પરંતુ તેમની સૌથી અંગત, સૌથી ઊંડી લાગણીઓ અને માનસિક મુશ્કેલીઓ વહેંચવા માટે. અત્યાર સુધી માતાપિતાની ચિંતાનું કેન્દ્રબિંદુ એ હતું કે તેમના બાળકો ફોન વધુ જુએ છે અને ઓછું રમે છે; તેઓ સામાજિક રીતે ભળી શકતા નથી અને માતાપિતા સાથે ભાવનાત્મક સમય વિતાવી શકતા નથી. આ ચિંતા સાચી હતી, પણ હવે તેની દિશા બદલાઈ ગઈ છે. માનવ મન સ્વભાવે તો કેદ થવા માટે નથી, તે તો વ્યક્ત થવા માટે બેચેન હોય છે. બાળકો પણ ઘણું કહેવા માંગે છે, ઘણું પૂછવા માંગે છે. જ્યારે આ અભિવ્યક્તિને ઘરમાં કે મિત્રોમાં યોગ્ય જગ્યા નથી મળતી, ત્યારે તેમનું અંતર્મુખી મન એક વૈકલ્પિક આશ્રય શોધે છે. આવી સ્થિતિમાં, જો ચેટબોટ પર સવાર કોઈ AI જનરેટેડ પુરુષ કે સ્ત્રીના વેશમાં કાઉન્સેલર બનીને તે બાળકોની ભાવનાત્મક દુનિયામાં પ્રવેશ કરે, તો આપણે આશ્ચર્ય પામવાની જરૂર નથી. આજના ડિજિટલ યુગમાં, આ AI કાઉન્સેલરો બાળકોની સમસ્યાઓ સાંભળી રહ્યા છે અને ઝડપી ઉકેલો આપવામાં શરમાતા નથી. AI હવે બાળકો માટે ફક્ત હોમવર્કમાં મદદ કરવાનું એક સાધન નથી, પરંતુ એક સાથીદાર બની ગયું છે, જે મિત્ર બને છે અને તેવી ભાષા બોલે છે તથા સમજે છે, જેને આપણા બાળકો સાંભળવા અને સમજવા માંગે છે. આપણે ભૂલવું ન જોઈએ કે અલ્ગોરિધમ નૈતિકતાના સ્તરે કોઈપણ મૂંઝવણ કે સંઘર્ષને સંબોધતું નથી. તે ફક્ત બાળકોની ઈચ્છા અનુસાર, તેમને ખુશ કરવા માટે બધું કહેવા માગે છે. ચેટબોટ સાચા અને ખોટા વચ્ચેનો તફાવત સમજાવવા માગતું નથી; તે ફક્ત પ્રશ્નોના જવાબ આપવાનું ચાલુ રાખે છે અને મૂંઝવણની તે દુનિયામાં, તે બાળકોની પોતાના પરની નિર્ભરતા વધારે છે. આથી, સૌ પ્રથમ માતાપિતાએ ભાવનાત્મક રીતે વધુ જાગૃત રહેવાની જરૂર છે. એ સમજવું પણ મહત્વપૂર્ણ છે કે બાળકો હવે ફક્ત મોબાઈલ ફોન કે સ્ક્રીન તરફ જ જોતા નથી, પરંતુ ચેટબોટ્સ તેમના જીવનનો લાગણીશીલ ભાગ બની રહ્યા છે. આ પરિસ્થિતિને ફક્ત 'સ્ક્રીન-ટાઈમ'નો મુદ્દો માનીને અવગણવાને બદલે, આપણે આ મૂળભૂત ભાવનાત્મક અંતરને ઓળખવું પડશે. હકીકતમાં, લાગણીઓની એ કમાન તો માતા-પિતાના હાથમાં હોવી જોઈએ. તેમને વધુ સંવેદનશીલતાથી સાંભળીને, તેમને સમજીને, તેમના જીવનમાં વધુ સામેલ થઈને અને તેમના ઉતાર-ચઢાવને સ્વીકારીને, બાળકોની યાદો મશીનો દ્વારા નહીં, પરંતુ માનવીય લાગણીઓ, હૂંફ અને નૈતિક મૂલ્યોના આધારે બનાવવામાં આવે તે આજે સમયની સૌથી મોટી માંગ છે. ટેકનોલોજી બાળકના તમામ પ્રશ્નોના જવાબ આપી શકશે પણ માતાનું વહાલ ક્યારેય નહીં આપી શકે તે વસ્તુ વડીલો સમજે અને બાળકોને સમજાવે. માતા-પિતા બાળકને સમય આપે, વહાલ આપે તો બાળક માયાવી દુનિયાથી ચોક્કસ દૂર રહી શકશે.

# વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ: ગુજરાતના વિકાસનું મહાપર્વ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાત રાજ્ય આજે દેશ અને દુનિયામાં વિકાસના એક અગ્રેસર મોડેલ તરીકે સ્થાપિત થયું છે, અને આ વિકાસ યાત્રામાં સૌથી મહત્ત્વનું યોગદાન જો કોઈ પરિબળનું હોય, તો તે છે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS). આ સમિટ માત્ર એક રોકાણકાર સંમેલન નથી, પરંતુ તે ગુજરાતની આર્થિક મહત્ત્વાકાંક્ષા, નીતિગત સ્થિરતા અને વૈશ્વિક જોડાણની જીવંત અભિવ્યક્તિ છે. ગુજરાતને વૈશ્વિક સ્તરે રોકાણ માટેનું શ્રેષ્ઠ સ્થળ (ગ્લોબલ બિઝનેસ હબ) બનાવવાની નેમ સાથે આ યાત્રાનો પ્રારંભ થયો હતો. વાઈબ્રન્ટ ગુજરાતની પ્રેરક શરૂઆત અને યાત્રા વિશે જાણવું જરૂરી છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો પ્રારંભ વર્ષ ૨૦૦૩ માં થયો. આ પહેલ પાછળ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દૂરંદેશી વિચાર હતો. ગુજરાતમાં ભૂકંપ અને અન્ય પડકારો બાદ આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને રાજ્યને 'મેન્યુફેક્ચરિંગ હબ' તરીકે પ્રસ્થાપિત કરવા માટે આ સમિટની કલ્પના કરવામાં આવી હતી. શરૂઆતમાં, તે માત્ર રોકાણકારોને આકર્ષવા માટે દ્વિવાર્ષિક કાર્યક્રમ હતો, પરંતુ સમય જતાં તેનું સ્વરૂપ વિસ્તરતું ગયું. પ્રથમ સમિટમાં રોકાણકારોનો સારો પ્રતિસાદ મળ્યો, જેણે ગુજરાત સરકારને આ કાર્યક્રમને એક કાયમી અને વિશાળ પ્લેટફોર્મ બનાવવાની પ્રેરણા આપી. વર્ષ ૨૦૦૩ થી શરૂ કરીને, આ સમિટ દર બે વર્ષે યોજાય છે અને તે ક્રમશઃ વધુ વ્યાપક અને વૈશ્વિક બનતી ગઈ છે. શરૂઆતની સમિટ્સમાં માત્ર ભારતીય રોકાણકારોનું પ્રભુત્વ હતું, પરંતુ જેમ જેમ ગુજરાતની નીતિઓ પારદર્શક અને ઉદ્યોગ-ફ્રેન્ડલી બનતી ગઈ, તેમ તેમ આ સમિટ આંતરરાષ્ટ્રીય રોકાણકારો, દેશોના પ્રતિનિધિમંડળો અને વૈશ્વિક નેતાઓ માટે એક અનિવાર્ય મંચ બની ગઈ. ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૨ (વાસ્તવમાં ૨૦૨૪માં યોજાનારી અગાઉની આવૃત્તિ) સહિત અત્યાર સુધીમાં આ સમિટના ૧૦ સફળ કાર્યક્રમો યોજાઈ ચૂક્યા છે. દરેક સમિટમાં થયેલા મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) અને તેના વાસ્તવિક અમલીકરણના ઊંચા દરોએ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપિત કરવાની સરળતા અને વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું છે. આ સમિટને કારણે જ ગુજરાત આજે દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં મોટો હિસ્સો ધરાવે છે અને તે ભારતમાં સૌથી ઓછી બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે. વાઈબ્રન્ટ ગુજરાતની આ યાત્રા રાજ્યની પ્રગતિની ગાથાનું પ્રતીક બની રહી છે. આગામી વાઈબ્રન્ટ ગુજરાતનો હવે પછીનો કાર્યક્રમ રાજકોટના આંગણે યોજાઈ રહ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતા અને તેના ફળ માત્ર ગાંધીનગર-અમદાવાદ-વડોદરાના ગોલ્ડન કોરિડોર સુધી સીમિત ન રહે, પરંતુ રાજ્યના અન્ય મહત્ત્વપૂર્ણ વિસ્તારોમાં પણ તેનો લાભ પહોંચે તે હેતુથી, આગામી અગિયારમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ હવે રાજકોટમાં યોજાવા જઈ રહી છે. રાજકોટમાં આ સમિટનું આયોજન થવું એ સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરવા જેવું છે. અત્યાર સુધી મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાતી આ સમિટનું સૌ પ્રથમવાર ગુજરાતના પશ્ચિમી છેડાના ઔદ્યોગિક કેન્દ્રમાં આયોજન થવું, તે સરકારની પ્રાદેશિક સંતુલિત વિકાસની નીતિનો સંકેત આપે છે.




રાજકોટ, જે તેના ઓટોમોબાઈલ પાર્ટ્સ, ફાઉન્ડ્રી, એન્જિનિયરિંગ ઉદ્યોગ, મશીન ટૂલ્સ, ડીઝલ એન્જિન અને ગોલ્ડ જ્વેલરી માટે દેશ-વિદેશમાં જાણીતું છે, ત્યાં આ સમિટનું આયોજન થવાથી સ્થાનિક ઉદ્યોગકારોને સીધો જ વૈશ્વિક મંચ પ્રાપ્ત થશે. આ સમિટ દરમિયાન નવા એમઓયુ પર હસ્તાક્ષર થશે, જેના પરિણામે રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે નવા ઉદ્યોગો સ્થાપિત થશે. આનાથી રોજગારીની નવી તકોનું સર્જન થશે અને રાજકોટ માત્ર એક પ્રાદેશિક કેન્દ્ર ન રહેતા, એક આંતરરાષ્ટ્રીય સ્તરનું ઔદ્યોગિક હબ બનવાની દિશામાં આગળ વધશે. રાજ્ય સરકાર દ્વારા આ સમિટ માટે રાજકોટમાં વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં પણ શહેરના વિકાસ માટે મૂડીરૂપ સાબિત થશે. સૌરાષ્ટ્ર અને કચ્છના ઔદ્યોગિક વિકાસની અસીમ શક્યતાઓ રાજકોટમાં યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌરાષ્ટ્ર અને કચ્છના સમગ્ર પટ્ટા માટે એક નવા યુગનો પ્રારંભ કરશે. આ પ્રદેશ કુદરતી સંસાધનો, લાંબો દરિયાકિનારો, કૃષિ ઉત્પાદન અને સ્થાપિત લઘુ-મધ્યમ ઉદ્યોગો (MSMEs)ના મજબૂત આધારને કારણે ઔદ્યોગિક વિકાસની અસીમ શક્યતાઓ ધરાવે છે. રાજકોટનું એન્જિનિયરિંગ કૌશલ્ય, જામનગરની બ્રાસ પાર્ટ્સની તાકાત અને પોરબંદર, ભાવનગર જેવા બંદરીય શહેરોની લોજિસ્ટિક્સ ક્ષમતા આ પ્રદેશને એક ઉત્તમ રોકાણ સ્થળ બનાવે છે. ફૂડ પ્રોસેસિંગ, એગ્રીકલ્ચરલ ઈક્વિપમેન્ટ અને રિન્યુએબલ એનર્જી (ખાસ કરીને સોલાર અને વિન્ડ) જેવા ક્ષેત્રોમાં અહીં વિપુલ તકો છે. સમિટના માધ્યમથી અહીંના MSME યુનિટ્સને ટેક્નોલોજી અપગ્રેડેશન અને વિદેશી બજારો સાથે જોડાણ માટે પ્લેટફોર્મ મળશે. કચ્છઃ કચ્છ, જે કંડલા અને મુંદ્રા જેવા આંતરરાષ્ટ્રીય સ્તરના બંદરોનું ઘર છે, તે લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને પોર્ટ-આધારિત ઉદ્યોગો માટે વિશ્વનું એક મહત્ત્વનું કેન્દ્ર છે. સિમેન્ટ, પાવર પ્લાન્ટ્સ અને ક્રૂડ ઓઈલ પ્રોસેસિંગના ઉદ્યોગો ઉપરાંત, હવે રિન્યુએબલ એનર્જી અને ટુરિઝમ સેક્ટરમાં પણ મોટું રોકાણ આવી રહ્યું છે. ભુજમાં આયોજિત સમિટ સંબંધિત પ્રવૃત્તિઓ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં પણ ઔદ્યોગિકરણનો પવન ફૂંકશે.રાજકોટમાં આયોજન થવાથી સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને પોતાની ટેક્નોલોજી, ઉત્પાદન ક્ષમતા અને ઈનોવેશનને વૈશ્વિક સ્તરે પ્રદર્શિત કરવાની તક મળશે, જેનાથી આ પ્રદેશમાં સંતુલિત અને સર્વસમાવેશક ઔદ્યોગિક વિકાસને વેગ મળશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ખરા અર્થમાં હવે ગુજરાતના પ્રાદેશિક વિકાસનો ધબકાર બનીને ઉભરી રહી છે. રાજકોટમાં યોજનાર આ આ મેગા ઈવેન્ટમાં માત્ર રાજકોટ કે જામનગરને જ નહીં પરંતુ સૌરાષ્ટ્રના ઓછા વિકસિત એવા અમરેલી, સુરેન્દ્રનગર અને ભાવનગર જેવા વિસ્તારોને પણ આવરી લેવામાં આવે તે જરૂરી છે. અમરેલીમાં ઉદ્યોગોનું પ્રમાણ ઓછું છે ત્યાં આગળ એગ્રો ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના થાય તે જરૂરી છે. ભાવનગરમાં જુના વાહનોને સ્ક્રેપ કરવાના ઉદ્યોગો શરૂ થાય તેનું આયોજન થયું છે પરંતુ તેનો અમલ કરવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત આ વાહનોના ઉપયોગી પાર્ટ્સનું રિએન્જિનિયરિંગ થાય તેવા યુનિટ પણ અહીં ભાવનગરમાં સ્થાપિત થઈ શકે તેમ છે. આ વ્યવસાય પણ વિકસિત થાય તે માટે પગલાં ભરવા પણ જરૂરી છે. આ ઉપરાંત ગોંડલ, ઉપલેટા, જેતપુર, બોટાદ, સાવરકુંડલા અને મહુવા જેવા કેન્દ્રો પણ વિકસિત બને તે માટે સરકાર ધ્યાન આપે તે અત્યંત જરૂરી છે. મહુવાને એક બંદર તરીકે વિકસિત કરવાની જે યોજના ચાલી રહી છે તે બરોબર છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના મીઠીવિરડી ખાતે ૬,૦૦૦ મેગાવટના અણુ ઊર્જા મથક માટેની કાર્યવાહીનો પ્રારંભ થાય તે પણ અતિ જરૂરી છે. ભાવનગરના નવા બંદર ખાતે ૧૯,૦૦૦ કરોડને ખર્ચે જે સીએનજી ટર્મિનલ સ્થાપવાનું છે તે પ્રોજેક્ટ પણ ગતિમાં આવે તે માટે રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધરવા જરૂરી છે. ભાવનગરના હીરા ઉદ્યોગ માટે જૂની મિલના સ્થાને જે ડાયમંડ સિટી બનવાનું જ છે તે પ્રોજેક્ટ પણ હાથ ધરાય તો આ વિસ્તારના હીરા ઉદ્યોગને નવું જો મળે અને હીરા ઉદ્યોગનો વિકાસ થઈ શકે. સૌરાષ્ટ્રના સામા કિનારે નર્મદાના કાંઠે મીની કલ્પસર જેવા ભાડભૂત બેરેજનું કામ પણ ચાલી રહ્યું છે ત્યારે તેનો લાભ આ કિનારે ધોલેરા સરને મળે તથા ધોલેરામાં નવા ઉદ્યોગો આવે અને અમદાવાદ, ધોલેરા, ભાવનગર વચ્ચે નવી રેલવે લાઈનનો પ્રોજેક્ટ પણ અમલમાં આવે તે માટે આ સમિટમાં આયોજન થાય તે જરૂરી છે. આમ રાજકોટ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રમાં સાચા અર્થમાં ઔદ્યોગિક વિકાસ થાય તે માટેનું ભાવિ આયોજન કરવામાં આવે તો સૌરાષ્ટ્ર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાતનો પ્રોગ્રામ ૧૦૦% સફળ થાય તેમાં શંકા વગરની વાત છે. ગુજરાત રાજ્ય રાષ્ટ્રના વિકાસમાં મહત્વનું પ્રદાન કરે છે ત્યારે મહુવા ખાતેના ડુંગળી તથા ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગો શરૂ થાય તે જરૂરી છે. આમ રાજકોટ ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સાચા અર્થમાં ઔદ્યોગિક વિકેન્દ્રીકરણનું સપનું સાકાર કરે અને સૌરાષ્ટ્ર કચ્છનો ઔદ્યોગિક વિકાસ પૂર્ણ રીતે થાય તે જરૂરી છે.

## શબ્દ સંજોગ-૨૧૧૭



**આડી ચાવી :**
(૧) અવાજ, સૂર (૨)
(૩) સ્ત્રીના કેશની ગૂંથેલી લટ (૩)
(૫) ઈન્દ્રનો સારથી (૩)
(૮) ગળકટ્ટો (૩)
(૧૦) શિવનું ધનુષ (૩)
(૧૩) વૃક્ષ, ઝાડ (૨)
(૧૪) સાથે મળીને થતી વિચારણા (૪)
(૧૬) દેવુ, ઋણ (૩)
(૨૦) વીંટો, પિંડો (૨)
(૨૨) નજીક, કને (૨)
(૨૩) સાળાવેલીનો પતિ (૨)
(૨૪) કર્મનિષ્ઠ (૩)
(૨૫) સૌરાષ્ટ્રનું એક શહેર (૩)
(૨૬) બાર વર્ષે..........બોલ્યો (૩)
(૨૭) કાપડ, કપડું (૩)
(૨૮) દેવાપટે આડમાં કંઈ મૂકવુ તે (૨)

**ઉભી ચાવી :**
(૧) એક મંગળ પ્રતીક (૩)
(૨) હારી ગયેલુ (૨)
(૪) ડમરુંનો રવ (૩)
(૫) માડી, માતા (૨)
(૬) ભાષાના વર્ણો લખવાની રીત (૨)
(૭) શિવજીના હાથમાં રહેલુ એક વાદ્ય (૩)
(૯) એક પક્ષી (૩)
(૧૧) દશ્ય કાવ્ય (૩)
(૧૨) પિતા, જનક (૨)
(૧૩) એક તેજાનો (૨)
(૧૪) ઘસીને ચળકાટ આપવો તે (૩)
(૧૫) મળી શકે તેવું (૨)
(૧૭) રાગ, આસકિત (૨)
(૧૮) પુલ, બ્રીજ(અ) (૨)
(૧૯) પક્ષીનું ઘર (૨)
(૨૧) પક્ષાઘાત (૩)
(૨૨) એક અટક (૩)
(૨૩) ....માં જ સુંદરતા રહેલી છે (૩)
(૨૫) નાવ, નાવડી (૨)

## શબ્દ સંજોગ-૨૧૧૬ જવાબ

**આડી ચાવીઃ** (૧) કૈલાસ (૩) સગર (૬) કવ (૭) તર્જની (૮) સજા (૯) સણકો (૧૧) નમદો (૧૩) હિના (૧૫) તબલચી (૧૮) નૂતન (૨૦) કાતર (૨૨) નાટ (૨૩) ફોશી (૨૫) દર (૨૬) ખમીસ (૨૭) મીલ (૨૮) ટચ (૩૦) જોક (૩૧) સરકાર.
**ઉભી ચાવીઃ** (૧) કૈકસ (૨) લાવણ (૩) સર્જન (૪) ગનીમત (૫) ખજાનચી (૧૦) કોહિનૂર (૧૨) દોબ (૧૪) નાત (૧૬) લફાફો (૧૭) અકાદમી (૧૯) નનામી (૨૧) તરલ (૨૪) શીરગર (૨૬) ખનક (૨૯) ચર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૬૦ | ૧૫૩૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૩ | ૬૦૮ |
| જુવાર સફેદ | ૮૩૦ | ૯૯૪ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૬૦ |
| બાજરી | ૩૨૧ | ૪૩૮ |
| મકાઇ | ૨૫૦ | ૩૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૩૦ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૦૮૦ |
| ચણા સફેદ | ૧૪૨૫ | ૧૮૫૧ |
| અડદ | ૯૫૦ | ૧૪૨૬ |
| મગ | ૧૧૦૦ | ૧૮૯૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૮૯૦ |
| ચોળી | ૯૦૫ | ૧૩૩૦ |
| મઠ | ૯૦૦ | ૧૫૧૬ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૪૪૦ | ૫૧૧ |
| રાજમા | ૮૦૦ | ૧૪૪૦ |
| મગફળી જાડી | ૧૦૨૦ | ૧૩૪૨ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૩૫ |
| તલી | ૧૭૧૦ | ૨૦૯૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સુવા | ૯૮૦ | ૧૨૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૨ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૪૯૯ |
| કાળા તલ | ૩૭૫૦ | ૪૬૯૯ |
| લસણ | ૮૦૦ | ૧૫૬૦ |
| ધાણા | ૧૩૭૫ | ૧૮૫૬ |
| મરચા સુકા | ૧૨૦૦ | ૩૫૭૫ |
| ધાણી | ૧૪૦૦ | ૧૮૭૦ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૮૫૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૩૪ |
| રાય | ૧૩૫૧ | ૧૯૫૦ |
| મેથી | ૯૦૫ | ૧૪૫૫ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૧૦૮૦ | ૧૧૫૦ |
| રાયડો | ૧૦૪૧ | ૧૨૯૫ |
| રજકાનું બી | ૪૧૫૦ | ૭૯૫૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૧ | ૭૮૪ |
| પપૈયા | ૮૪ | ૧૦૬ |
| બટેટા | ૧૨૬ | ૩૯૬ |
| ડુંગળી સુકી | ૭૦ | ૨૩૦ |
| ટમેટા | ૬૮૭ | ૮૧૨ |
| સુરણ | ૬૯૨ | ૭૯૪ |
| કોથમરી | ૨૮૧ | ૩૮૭ |
| મુળા | ૩૧૧ | ૩૯૪ |
| રીંગણા | ૮૦૭ | ૧૪૭૮ |
| કોબીજ | ૨૦૯ | ૨૪૩ |
| ફ્લાવર | ૫૧૩ | ૭૦૭ |
| ભીંડો | ૮૨૭ | ૧૪૧૩ |
| ગુવાર | ૧૩૮૧ | ૧૯૮૮ |
| ચોળાસીંગ | ૮૦૪ | ૧૨૧૭ |
| વાલોળ | ૭૫૨ | ૧૧૯૪ |
| ટીંડોરા | ૫૮૨ | ૮૧૭ |
| દુધી | ૧૫૮ | ૩૨૧ |
| કારેલા | ૭૯૧ | ૧૦૧૯ |
| સરગવો | ૭૮૪ | ૧૯૬૩ |
| તુરીયા | ૮૧૭ | ૧૪૧૯ |
| પરવર | ૧૧૭૩ | ૧૬૨૨ |
| કાકડી | ૬૮૪ | ૧૧૭૮ |
| ગાજર | ૩૦૭ | ૪૫૪ |
| વટાણા | ૮૯૧ | ૧૧૦૧ |
| તુવેરસીંગ | ૩૦૭ | ૫૧૩ |
| ગલકા | ૪૯૧ | ૬૩૧ |
| બીટ | ૨૦૩ | ૩૧૭ |
| મેથી | ૩૧૧ | ૪૨૪ |
| વાલ | ૭૩૧ | ૧૧૦૬ |
| ડુંગળી લીલી | ૩૧૩ | ૪૨૬ |
| આદુ | ૮૯૭ | ૧૦૨૯ |
| ચણા લીલા | ૮૧ | ૪૬૭ |
| મરચા લીલા | ૫૧૭ | ૮૦૩ |
| હળદર લીલી | ૩૮૪ | ૫૨૧ |
| લસણ લીલું | ૬૪૧ | ૧૪૦૭ |
| મકાઇ લીલી | ૧૯૧ | ૩૫૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૫૦ |
| મગફળી જીણી | ૮૮૧ | ૧૨૭૬ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૪૯૬ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૩૪૧ |
| એરંડા / એરંડી | ૯૫૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૪૦૦૦ |
| ક્લંજી | ૧૫૦૦ | ૪૩૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૮૫૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૪૪૧ |
| અડદ | ૯૨૧ | ૧૩૬૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૧ |
| મેથી | ૯૨૬ | ૧૧૬૧ |
| કાંગ | ૪૫૦ | ૫૯૧ |
| કારીજીરી | ૩૫૦૧ | ૩૫૦૧ |
| મરચા | ૮૦૧ | ૩૬૦૧ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૩૭૬ |
| નવું જીરૂ | ૪૬૫૫૧ | ૪૬૫૫૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૯૧૧ |
| મગફળી ૬૬ | ૯૮૧ | ૧૪૭૧ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૧૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૯૩૧ |
| ડુંગળી સફેદ | ૧૫૬ | ૪૩૬ |
| બાજરો | ૨૪૧ | ૩૮૧ |
| મકાઇ | ૧૨૧ | ૪૬૧ |
| મગ | ૮૭૬ | ૧૫૬૧ |
| ચણા | ૮૭૬ | ૧૦૮૬ |
| વાલ | ૭૨૬ | ૯૫૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૧૨૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૬૬ |
| ગોગળી | ૯૦૦ | ૧૦૭૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૪૦ |
| દુધી | ૬૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૧૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૪૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૨૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૨૮૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મુળા પુરા | ૮ | ૯ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૭ | ૯ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૧૩૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૧ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૦૨ |
| શીંગ | ૧૦૫૭ | ૧૦૭૦ |
| શીંગ ગીરનારી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| શીંગ મોટી | ૮૭૦ | ૧૪૦૫ |
| શિંગ દાણા | ૧૦૩૫ | ૧૩૫૬ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૪૯૯ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૧૪૦ |
| તલ કશ્મીરી | ૨૪૦૦ | ૨૪૦૦ |
| જુવાર | ૬૬૫ | ૧૦૧૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૫૩૧ |
| અડદ | ૬૮૦ | ૧૧૫૧ |
| ચણા | ૭૮૦ | ૧૧૪૦ |
| સફેદ ચણા | ૭૦૦ | ૧૦૭૦ |
| છોલે ચણા | ૯૦૦ | ૧૧૧૨ |
| તુવેર | ૮૦૫ | ૧૩૮૬ |
| કપાસ | ૭૪૦ | ૧૫૮૦ |
| એરંડા | ૧૦૩૫ | ૧૩૧૮ |
| જીરૂ | ૨૬૫૦ | ૩૬૩૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૭૩૦ |
| અજમા | ૧૬૩૦ | ૨૫૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૨૪ |
| સોયાબીન | ૬૦૦ | ૮૫૦ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૮૪૦૦ |
| મરચા લાંબા | ૬૦૦ | ૩૪૧૦ |
| કાંગ | ૩૩૧ | ૫૫૦ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૧૦ | ૪૧૦ |
| રીંગણા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૨૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૮૫૦ | ૯૦૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૧૦ | ૫૧૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૮૩૦ | ૧૦૩૦ |
| ગલકા | ૬૧૦ | ૮૧૦ |
| મૂળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૫૨૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૬૧૦ |
| વાલોળ | ૫૨૦ | ૬૨૦ |
| વટાણાં | ૮૧૦ | ૧૦૧૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૪૦ | ૮૪૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૧૦ | ૧૨૨૦ |
| કોથમીર | ૩૧૦ | ૪૧૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૨૦ | ૮૨૦ |
| બીટ | ૭૩૦ | ૮૩૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૨૪૦ | ૩૪૦ |
| મરચાં લીલાં | ૩૧૦ | ૫૧૦ |
| મરચાં લાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૨૦ |
| લસણ લીલુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૪૧૦ | ૧૦૧૦ |
| પાલક | ૬૧૦ | ૭૧૦ |
| લીંબુ | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૮૫ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૭૬ |
| તલ કાળા | ૩૦૪૦ | ૪૩૫૬ |
| જીરૂ | ૨૮૫૦ | ૩૯૫૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૦ |
| બાજરો | ૩૮૦ | ૫૯૦ |
| જુવાર | ૭૦૦ | ૮૫૦ |
| અજમા | ૯૦૦ | ૧૦૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૩૫ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૦૭૦ |
| તલ કાળા | ૩૩૧૦ | ૪૬૮૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૧૦ |
| ઘઉં | ૪૬૯ | ૫૫૧ |
| અડદ | ૯૪૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૮૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૦ | ૧૪૭૨ |
| કપાસ કોડી | ૧૦૫૧ | ૧૧૭૬ |
| મગફળી | ૯૫૨ | ૧૨૦૦ |
| ઘઉ | ૫૧૧ | ૫૧૮ |
| અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૫૩૦ | ૧૫૫૫ |
| મેથી | ૬૮૦ | ૬૮૦ |
| તલ | ૧૮૨૫ | ૧૮૨૫ |
| શિંગદાણા | ૧૨૩૦ | ૧૨૫૫ |
| મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ઘઉ ટુકડા | ૪૫૦ | ૫૨૨ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૦૩૫ |
| ચણા | ૬૦૦ | ૧૦૨૧ |
| ધાણા | ૯૦૦ | ૧૮૦૦ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| જુવાર | ૬૫૦ | ૬૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૭૦ |
| મગફળી | ૮૬૫ | ૧૧૭૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૧૮૬૦ |
| શિંગ દાણા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૯૫ | ૧૫૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૦૭૮ | ૧૫૧૯ |
| મગફળી | ૧૦૦૨ | ૧૨૮૦ |
| જુવાર સફેદ | ૧૦૩૨ | ૧૦૩૨ |
| અડદ | ૭૫૨ | ૮૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૧૫ | ૧૩૬૬ |
| તલ સફેદ | ૧૭૦૮ | ૨૦૮૧ |
| તલ કાળા | ૪૦૦૧ | ૪૦૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| બાજરો | ૩૭૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૪૭ |
| જુવાર | ૯૪૧ | ૧૦૬૦ |
| મગ | ૬૫૦ | ૨૨૦૦ |
| અડદ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ચણા | ૬૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૬૬ | ૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૬૦ |
| મગ | ૯૬૬ | ૯૬૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૧૧ |
| અડદ | ૭૦૧ | ૧૨૨૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૩૬ |
| શીંગ ફાડા | ૧૦૫૦ | ૧૨૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૨૧ | ૪૩૦ |
| મગફળી ૩૨ | ૧૦૦૧ | ૧૩૩૩ |
| બાજરો હાઈબીડ | ૩૫૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| જુવાર | ૮૩૫ | ૯૩૫ |
| અડદ | ૭૦૦ | ૧૪૦૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૪ |
| સફેદ તલ | ૧૪૫૦ | ૨૧૬૧ |
| તલ કાળા | ૩૦૫૦ | ૪૭૨૦ |
| સોયાબીન | ૭૨૧ | ૮૬૫ |
| કાંગ | ૪૧૧ | ૬૨૮ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦ | ૪૦૦ |
| ઘઉં | ૬૪૦ | ૫૪૭ |
| મગ | ૧૨૬૫ | ૧૩૨૦ |
| અડદ | ૯૨૫ | ૧૧૭૫ |
| વાલ | ૭૦૦ | ૮૮૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૬ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| મગફળી ૬૬નં. | ૧૧૦૦ | ૧૫૨૫ |
| મગફળી ૯ નં. | ૧૧૦૦ | ૧૮૫૫ |
| તલ | ૧૭૧૦ | ૨૨૨૫ |
| લસણ | ૧૦૦૦ | ૨૫૫૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૩૫૦ |
| અજમાની ભુકી | ૩૫ | ૨૭૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૮૨૦ |
| મરચા | ૧૩૭૦ | ૩૮૦૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૫૫ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| રાજમા | ૩૦૦ | ૬૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઉદયપુર નજીક સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ભાભર તાલુકાના ત્રણ લોકોના કરૂણ મોત

પાલનપુર,તા.૧૫

રાજસ્થાનના ઉદયપુર નજીક સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં બનાસકાંઠાના ભાભર તાલુકાના ત્રણ યુવાનોના કમકમાટીભર્યા મોત થયા છે. ઠાકોર સમાજના આ ત્રણ આશાસ્પદ યુવાનોના અકસ્માતમાં મોત નિપજતાં સમગ્ર ભાભર તાલુકામાં અને તેમના ગામોમાં શોક અને અરેરાટી ફેલાઈ ગઈ છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે,



રાજસ્થાનના ઉદયપુર નજીક સર્જાયેલા ભીષણ અકસ્માતમાં ભાભર તાલુકાના ત્રણ લોકોના મોત થયા છે, આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે પથ્થરો ભરીને જઈ રહેલા એક ટ્રક ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. કાબૂ ગુમાવનાર ટ્રકે અન્ય એક ટ્રક સહિત કુલ ૬ વાહનોને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે ટ્રકમાં રહેલા મોટા પથ્થરો નીચેના અનેક વાહનો પર પડ્યા હતા. આ અકસ્માતમાં એક કારમાં સવાર એક મહિલા અને એક બાળક પથ્થરો નીચે દબાઈને ફસાયા હોવાનું પણ સામે આવ્યું છે. અકસ્માતમાં જીવ ગુમાવનાર ત્રણ યુવાનો ભાભર તાલુકાના ઠાકોર સમાજના છે, જેમની ઓળખ અરવિંદજી ઠાકોર (મેરા ગામ), વિક્રમજી ઠાકોર (અબાસણા ગામ) અને પ્રકાશજી ઠાકોર (ભીમબોરડી ગામ)ના તરીકે થઈ છે.

# વાસદ-બોરસદ હાઈવે પર ટ્રક-પીકઅપ વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત

આણંદ, તા.૧૫

આણંદ જિલ્લામાં આવેલા વાસદ-બોરસદ હાઈવે પર ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોના મોત નિપજ્યા છે. અંબાવ ગામ નજીક ટ્રક અને પીકઅપ વાન વચ્ચે થયેલા આ અકસ્માતે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચાવી દીધી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે અથડામણની ક્ષણે જ પીકઅપ વાનમાં બ્લાસ્ટ થયો અને ત્યારબાદ બંને વાહનોમાં ભીષણ



આગ લાગી હતી. સૂત્રો અનુસાર, લગભગ ૨ વાગ્યાની આસપાસ, આણંદ જિલ્લાના અંકલાવમાં અંબાવ ટોલ પ્લાઝા નજીક વાસદ-બગોદરા રોડ પર સમારકામ માટે જઈ રહેલી એક પીકઅપ ટ્રક બીજા ટ્રક સાથે અથડાઈ ગઈ. પીકઅપ ટ્રક તેના કાર્ગો વિસ્તારમાં જ્વલનશીલ પ્રવાહી(કેમિકલ) લઈ જઈ રહી હતી. ટક્કર થતાં, પ્રવાહી સળગી ગયું, અને બંને વાહનો સંપૂર્ણપણે આગમાં લપેટાઈ ગયા અને રાખ થઈ ગયા. આગને કારણે પીકઅપ ટ્રકમાં રહેલા પુરુષ અને મહિલા પણ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે બંને વાહનો ઓળખી શકાતા નહોતા. અકસ્માતના સમાચાર મળતા જ અંકલાવ પોલીસની ટીમ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

## મ્યુલ બેંક એકાઉન્ટ પુરા પાડનાર સામે ઝુંબેશ શરૂ, ગુજરાત પોલીસે ૬ દિવસમાં ૩૬૫ ફરિયાદ દાખલ કરી

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં સાયબર ફ્રોડના વધતા બનાવોને ધ્યાનમાં રાખીને રાજ્ય પોલીસ દ્વારા મ્યુલ બેંક એકાઉન્ટ પૂરા પાડનાર સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. છેલ્લા છ દિવસમાં રાજ્યભરમાં કુલ ૩૬૫ ફરિયાદો નોંધાઈ છે, જેમાંથી ૨૧૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મ્યુલ બેંક એકાઉન્ટ એવા ખાતાઓને કહેવામાં આવે છે, જે કોઈ વ્યક્તિ પોતાના નામે ખોલીને અન્ય લોકોને વાપરવા માટે આપે છે. આ ખાતાઓનો ઉપયોગ મોટા ભાગે સાયબર ફ્રોડના નાણા જમા કરાવવા અને ટ્રાન્સફર કરવા માટે થાય છે. ઘણા લોકો લાલચમાં આવીને પોતાનું બેંક ખાતું ભાડે આપી દે છે, જે કાયદેસર રીતે ગંભીર ગુનો છે. અમદાવાદ શહેરમાં સાયબર ફ્રોડના કેસ ઝડપથી વધી રહ્યા છે. એક જ દિવસમાં શહેરમાં ૨૩ મ્યુલ બેંક એકાઉન્ટની ફરિયાદો નોંધાઈ, જેનાથી પોલીસ તંત્રમાં ચિંતા વધી છે. અમદાવાદમાં અનેક યુવાનો અને સામાન્ય નાગરિકો લાલચમાં આવીને પોતાના ખાતાઓનો દુરુપયોગ થવા દે છે.

# અમરેલી પોલીસે કતલખાને લઈ જવાતા ૨૬૮ ઘેટા-બકરાને બચાવ્યાં

**ટ્રકમાં ક્રૂરતાપૂર્વક ભરેલા પશુઓ અમદાવાદ લઈ જવાતા હતા, ૬ શખ્સો સામે ગુનો નોંધાયો**

અમરેલી, તા.૧૫

અમરેલી તાલુકા પોલીસે મોટી કાર્યવાહી કરીને કતલખાને લઈ જવાઈ રહેલા ૨૬૮ ઘેટા-બકરાને બચાવ્યાં છે. સાવરકુંડલા શહેરથી અમદાવાદ તરફ જઈ રહેલા એક ટ્રકને



પોલીસે અટકાવી તપાસ કરતાં પશુઓ સાથે ભારે ક્રૂરતા થતી હોવાનું બહાર આવ્યું હતું. ટ્રકમાં ઉપર-નીચે પાર્ટીશન કરીને ઘેટા-બકરાને ખીચોખીચ ભરવામાં આવ્યા હતા, જેથી તેઓ ગૂંગળાઈ જવાની પરિસ્થિતિમાં હતા. આ હેરાફેરી માટે જરૂરી પાસ-પરમિટ કે વેટરનરી પ્રમાણપત્ર પણ ન હોવાનું સામે આવ્યું છે. પોલીસે રૂ. ૧૩.૪૦ લાખની કિંમતના ૨૬૮ ઘેટા-બકરા અને રૂ. ૨૩ લાખનો ટ્રક મળી કુલ રૂ. ૩૬.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે શાહિદ સુલેમાન કાલવા સહિત ૬ આરોપીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## અમરેલીમાં તા. ૧૭ ડિસેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પૂરો પાડવા માટે જિલ્લા રોજગાર કચેરી દ્વારા એક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો તા. ૧૭.૧૨.૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે, જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે યોજાશે. આ મેળામાં મશીન ઓપરેટર, એસેમ્બલી ઓપરેટર, ઓફિસ વર્ક, મહિલા બીમા સખી અને વીમા એજન્ટ જેવી વિવિધ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. જેમાં ૧૮થી ૪૦ વર્ષની વય મર્યાદા અને ધો. ૧૦થી ઓછું, ધો. ૧૦ પાસ, ધો. ૧૨ પાસ અને ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. રોજગાર ઈચ્છુકોએ ભાગ લેવા માટે અનુબંધમ વેબપોર્ટલ (https://anubandham.gujarat.gov.in/account/signup) પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના એક લાખથી વધુ કટ્ટાની આવક નોંધાતા પ્રવેશ બંધ કરાયો

ગોંડલ,તા.૧૫

સૌરાષ્ટ્ર ગુજરાતનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની સિઝનની સૌથી મોટી આવક થવા પામી હતી. ગત રાત્રીના ડુંગળીની આવક શરૂ કરવામાં આવી હતી અને આજરોજ યાર્ડમાં અંદાજે ૧ લાખ કરતા વધુ કટ્ટાની આવક નોંધાઈ હતી. યાર્ડના મેદાનમાં ૨૦૦૦થી વધુ વાહનોના થપ્પા લાગી જવા પામ્યા હતા અને



યાર્ડ દ્વારા નવી ખરીદ કરાયેલ જમીનમાં ડુંગળીની જણસી ઉતારવામાં આવી હતી. ડુંગળીની હરાજીમાં ૨૦ કિલોના ભાવ રૂ. ૧૦૦ થી રૂ. ૫૦૦ સુધીનો બોલાયો હતો. ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે, રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા, મહારાષ્ટ્ર સહિત દેશભરમાંથી મોટી મોટી કંપનીઓના વેપારીઓ ડુંગળીની ખરીદી કરવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે. જેને લઈને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની પુષ્કળ આવક થવા પામી હતી અને યાર્ડના સત્તાધીશો દ્વારા અન્ય જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સદંતર બંધ કરવામાં આવી છે.

# કોડીનારમાં અકસ્માતમાં ઘાયલ થયેલા બે લોકોના PGVCL કર્મીએ જીવ બચાવ્યા

કોડીનાર, તા. ૧૫

કોડીનાર નજીક સુગર ફેક્ટરી રોડ પર તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ સવારના સમયે છકડો રિક્ષા અને એક્ટિવા વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા પર સવાર બે યુવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટનાની વિગત મુજબ, ગોહિલની ખાણના રહેવાસી રુદ્રભાઈ રઘુભાઈ ગોહિલ અને તેમના મિત્ર વિષ્ણુભાઈ શાંતિભાઈ (રહે. દેવભૂમિ દ્વારકા) પણાદર ખાતે ઈન્ટર્નશીપના ક્લાસ લેવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન, સુગર ફેક્ટરી રોડ પર જયદીપ મેડિકલના વળાંક પાસેથી માંડવી ભરેલી એક છકડો રિક્ષા અચાનક સુગર ફેક્ટરીના ગ્રાઉન્ડમાં જવા માટે વળાંક લેતા, વેરાવળ બાજુથી આવી રહેલા એક્ટિવા સાથે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત સર્જાતા જ છકડો રિક્ષા ચાલક સ્થળ પરથી સુગર ફેક્ટરીના ગ્રાઉન્ડમાં નીકળી ગયો હતો. રુદ્રભાઈ અને વિષ્ણુભાઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. માથાના ભાગે અને ઘૂંટણના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. કોડીનારના સેવાભાવી દીપકભાઈ મગનભાઈ ગોહિલએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી, લોકોને સાઈડમાં હટાવ્યા અને ઈજાગ્રસ્ત યુવકોને ૧૦૮માં સાથે રહીને રા.ના. વાળા હોસ્પિટલમાં એડમિટ કરી ઈમર્જન્સી સારવાર શરૂ કરાવી અને તેમના સગા-સંબંધીઓને જાણ કરી હતી. રુદ્રભાઈના માતા-પિતા હોસ્પિટલ પહોંચતાની સાથે જ દીપકભાઈ પોતાની ફરજ પર જવા રવાના થઈ ગયા હતા. દીપકભાઈ ગોહિલે પોતાની ફરજની સાથે સાથે આવા સેવાના કાર્યોમાં હંમેશા તત્પર રહેવાની તેમની ભાવનાનું વધુ એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ઉના શહેરમાં દારૂ-ડ્રગ્સના દુષણ સામે કોંગ્રેસના આગેવાનોએ ઉપવાસ કર્યા

ઉના,તા.૧૫

ઉના શહેરમાં પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજાભાઈ વંશના નેતૃત્વ હેઠળ દારૂ અને ડ્રગ્સની બદી બંધ કરાવવા માટે એક દિવસીય પ્રતીક ઉપવાસ યોજાયા હતા. આ ઉપવાસમાં શહેર કોંગ્રેસ પ્રમુખ ગુણવંતભાઈ તળાવિયા, એભલભાઈ બાંભણિયા સહિતના આગેવાનો અને કાર્યકરો જોડાયા



હતા. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સનું વેચાણ બેફામ બન્યું છે.

# રાજુલા માર્કેટિંગ યાર્ડની ચૂંટણી જાહેર : ૧૬ બેઠક માટે ૨૫ ઉમેદવારી ફોર્મ રજૂ

રાજુલા, તા.૧૫

રાજુલા માર્કેટિંગ યાર્ડ (APMC)ની ૧૬ બેઠકો માટે ચૂંટણી જાહેર થઈ છે, જે આગામી ૨૭ ડિસેમ્બરના રોજ યોજાશે. ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા મેન્ડેટ રજૂ કરાયા બાદ આજે ઉમેદવારી પત્રકો ભરવામાં આવ્યા હતા. કુલ ૧૬ બેઠકો માટે ૨૫ ઉમેદવારી ફોર્મ રજૂ થયા છે. આ બેઠકોમાં ખેડૂત વિભાગની ૧૦, વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ સંઘની ૨ બેઠકોનો સમાવેશ



થાય છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ફોર્મની વિગતો જોતાં, વેપારી પેનલની ૪ બેઠક અને ખરીદ વેચાણ સંઘની ૨ બેઠક - એમ કુલ છ બેઠકો સામે તેટલા જ ફોર્મ રજૂ થતાં આ બેઠકો બિનહરીફ થાય તેવી પ્રબળ શક્યતા છે, જોકે સત્તાવાર જાહેરાત બાકી છે. ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ભાજપના નેતૃત્વમાં સહકારી ક્ષેત્ર બિનહરીફ બને તે માટે પ્રયાસોની વાત કરી હતી. હવે, ૧૬ તારીખે ફોર્મની ચકાસણી અને ૧૭ તારીખે ફોર્મ પરત ખેંચવાની કાર્યવાહી થશે. ઉમેદવારી પત્રક ભરતી વખતે હરસુરભાઈ લાખણોત્રા, ચેતનભાઈ શિયાળ, રવુભાઈ ખુમાણ, ધીરુભાઈ નકુમ, રાજુભાઈ પરસાણા,

**ચૂંટણી ૨૭ ડિસેમ્બરના રોજ યોજાશે**

પીઠાભાઈ નકુમ, મનુભાઈ ધાખડા, ભાવેશભાઈ સોલંકી, ભુપેન્દ્રભાઈ અરજણભાઈ વાઘ, વનરાજભાઈ વરૂ, મુકેશભાઈ ગુજરિયા, વીરભદ્રભાઈ ડાભીયા, હેમલભાઈ વસોયા, ભાવેશભાઈ સોલંકી, સાગરભાઈ સરવૈયા સહિત અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.209/2025

**પ્રતિ,**
શ્રી મરીયમબેન અલીમોહમદભાઈ ભાગાણી,
રહે. વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ
**વકીલશ્રી બી.એન.વાઘેલા તથા કે.ડી.ભેડા કોડીનાર** .....
**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ હાજીભાઈ સકુરભાઈ ભાગાણી તથા જુબેદાબેન હાજીભાઈ ભાગાણીના પુત્ર યુનુસભાઈ હાજીભાઈ ભાગાણીનો જન્મ તારીખ 06/01/1977 ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, અરણેજ, તાલુકો- કોડીનાર સને.1977 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૬૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી પરમાર જીણાભાઈ દેસાભાઈ
સરનામું :- મુ.અમૂલી, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - અમૂલી
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના અમૂલી મુકામે ના શ્રી પરમાર જીણાભાઈ દેસાભાઈ એ તેમની પુત્રી નામે શ્રી વિભાબેન જીણાભાઈ પરમાર નો જન્મ તા.૧૯/૦૪/૧૯૮૭ ના રોજ રાજુલા તાલુકાના અમૂલી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી. દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૩૦/૧૦/૨૦૨૫**

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નંબર. ૧૬૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી પરમાર જીણાભાઈ દેસાભાઈ
સરનામું :- મુ.અમૂલી, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**
સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - અમૂલી
તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના અમૂલી મુકામે ના શ્રી પરમાર જીણાભાઈ દેસાભાઈ એ તેમના સબંધે પિતા સ્વ. દેસાભાઈ હરસુરભાઈ પરમાર નું મરણ તા.૦૩/૧૦/૨૦૦૩, માતા સ્વ. કલુબેન દેસાભાઈ પરમાર નું મરણ તા.૨૨/૦૩/૨૦૧૯, અને સબંધે ભાઈ સ્વ.સાદુળભાઈ દેસાભાઈ પરમા નું મરણ તા.૧૩/૦૮/૧૯૯૨ ના રોજ રાજુલા તાલુકાના અમૂલી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૩૦/૧૦/૨૦૨૫**

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૩૭/૨૫ તા.૧૫/૧૨/૨૦૨૫

**વિવાદી :- શ્રી વિજુબેન મોહનભાઈ નારોલા**
**ઠે.ખાખરીયા, તા.પાલીતાણા, જી.ભાવનગર, મો.૯૮૭૯૯ ૬૨૮૮૮**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી ઈતેશકુમાર કે. મહેતા**
**ઠે.નગરપાલીકા સામે, લાઠી, મો.૯૪૨૭૨ ૦૬૩૨૦**

**- //વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
મુ.દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો વિજુબેન મોહનભાઈ નારોલા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૭ ના રોજ દામનગર, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૦/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# ૨૫ ડિસેમ્બરે વડાપ્રધાન મોદી બસંતકુંજ યોજનામાં બનેલા કમળ આકારના રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્‌ઘાટન કરશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ ડિસેમ્બરે રાજધાની લખનૌની બસંતકુંજ યોજનામાં બનેલા કમળ આકારના રાષ્ટ્રીય પ્રેરણા સ્થળનું ઉદ્‌ઘાટન કરશે. આશરે ૧.૫ લાખ લોકો ઉદ્‌ઘાટનના સાક્ષી બનશે. કાર્યક્રમની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. એલડીએ વીસી પ્રથમેશ કુમારે ત્યાં કેમ્પ લગાવ્યો છે અને એક કામચલાઉ ઓફિસ બનાવી છે. એલડીએ વિભાગ હાલમાં પ્રેરણા સ્થળ પર છે. આ કાર્યક્રમ માટે એક વિશાળ પંડાલ બનાવવાનું કામ એક અઠવાડિયાથી ચાલી રહ્યું છે. તેનું માળખું પૂર્ણ થઈ ગયું છે. હવે તેના પર એક આકર્ષક વોટરપ્રૂફ તાડપત્રી મૂકવામાં આવશે. પ્રધાનમંત્રી જે વિશાળ સ્ટેજ પરથી જનતાને સંબોધશે તેને પણ શણગારવામાં આવી રહ્યું છે. આ મ્યુઝિયમ બ્લોકની બાજુમાં એક કાયમી સ્ટેજ છે.



સ્ટેજની સામે ૩,૦૦૦ ક્ષમતા ધરાવતું એમ્ફીથિયેટર છે, જ્યાં વીવીઆઈપી બેસશે. આને પણ શણગારવામાં આવી રહ્યું છે. તેના માટે ખાસ ફૂલોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પ્રેરણા સ્થળની અંદર અને બહાર સફાઈનું કામ ચાલી રહ્યું છે. એલડીએ ઉપરાંત, મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમો પણ આ કાર્યમાં સામેલ છે. સ્થળ પર સ્થાપિત ભૂતપૂર્વ વડાપ્રધાનો અટલ બિહારી વાજપેયી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને શ્યામા પ્રસાદ મુખર્જીની પ્રતિમાઓ પર પ્રોજેક્શન લાઈટ્સ લગાવવામાં આવી રહી છે.

# આજથી કમુરતા : એક મહિના સુધી માંગલિક કાર્યમાં લાગશે બ્રેક

અમદાવાદ,તા.૧૫

આજથી ૧૬ ડિસેમ્બરથી કમુરતા શરૂ થઈ રહ્યા છે. ૧૬ ડિસેમ્બર મંગળવારથી લઈને જ્યારે સૂર્ય ધનુ રાશિમાં પ્રવેશ કરશે અને ૧૪મી જાન્યુઆરી ૨૦૨૬ બુધવારના દિવસે સૂર્ય ફરી મકર રાશિમાં સંક્રાંતિ સાથે આવશે ત્યારે કમુરતાનો આ એક મહિનાનો સમય પૂર્ણ થશે. સનાતન ધર્મ અને હિન્દુ પંચાંગ અનુસાર કમુરતાના આ સમયમાં શુભ અને માંગલિક કાર્યો ન થઈ શકે.

સનાતન ધર્મ અને હિન્દુ પંચાંગ દિવસ અને રાત્રિના ચોઘડિયા અને રાશિ પર ખૂબ જ નિર્ભર હોય છે, ત્યારે ગ્રહોના રાજા સૂર્ય ૧૬મી ડિસેમ્બર અને મંગળવારથી વૃશ્ચિક રાશિમાંથી તેનુ ભ્રમણ પૂર્ણ કરીને ધનુ રાશિમાં આવી રહ્યા છે. સૂર્યનું વૃશ્ચિક રાશીમાંથી ધનુ રાશિમાં આવવાની આ પ્રક્રિયાને ધનુ સંક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સૂર્ય ધનુ રાશીના લગ્ન



ભાવમાં ગોચર કરશે અને આ સ્થિતિમાં સૂર્ય એક મહિના સુધી ત્યાં રહેશે. જેને કમુરતા તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન ગ્રહોના રાજા સૂર્ય, ધનુ અને મીન રાશિમાં પ્રવેશ કરે છે. જેથી ગુરુનો પ્રભાવ પણ એકદમ ઓછો થાય છે, તો બીજી તરફ ગુરુને શુભ ઘટનાઓના કારક તરીકે માનવામાં આવે છે. જેથી લગ્ન માટે શુક્ર અને ગુરુ બંનેનો ઉદય એકદમ જરૂરી માનવામાં આવે છે, જો ગુરુ અને શુક્ર બંને ગ્રહમાંથી કોઈ એક ગ્રહનો પ્રભાવ ઓછો હોય તો આવી સ્થિતિમાં શુભ અને માંગલિક કાર્યો થઈ શકતા નથી.

# કોંગ્રેસે ૫૦ મિલિયન સહીઓ સાથે દિલ્હીના રામલીલા મેદાનમાં આવવાનો દાવો કર્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૫

એક તરફ, ભાજપ પાસે નવા રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ છે, જ્યારે બીજી તરફ રાષ્ટ્રીય રાજધાનીમાં કોંગ્રેસની "વોટ ચોર, ગદ્દી છોડો" રેલી પછી રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. લગભગ એક મહિનાની તૈયારી પછી, કોંગ્રેસે દિલ્હીના રામલીલા મેદાનમાં રેલીનું આયોજન કર્યું. રેલી પહેલા, કોંગ્રેસે ૫૦ મિલિયન સહીઓ સાથે રામલીલા મેદાનમાં આવવાનો દાવો કર્યો હતો, પરંતુ કોંગ્રેસે ઈન્ડિયા ગઠબંધનમાંથી કોઈ પણ પક્ષને આમંત્રણ આપ્યું ન હતું. રામલીલા મેદાનમાં સ્ટેજ પર ફક્ત કોંગ્રેસના નેતાઓ જ જોવા મળ્યા હતા. રવિવારે દિલ્હીમાં કોંગ્રેસની "વોટ ચોર, ગદ્દી છોડો" રેલી દરમિયાન, રાહુલ ગાંધીએ કોંગ્રેસના ત્રણ દુશ્મનોની ઓળખ કરી હતી જેમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ અને મોહન ભાગવત. તેમના ૧૪ મિનિટના ભાષણ દરમિયાન, રાહુલે સમૃદ્ધ સંવાદ કર્યો. કોંગ્રેસના કાર્યકરો "નરેન્દ્ર મોદીની કબર ખોદવાની" માંગણી કરતા સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા.

# ભારતીય ટીવી ઉદ્યોગને ભારે ફટકો : મેમરી ચિપ્સની અછતના કારણે ટીવીના ભાવમાં વધારાની શક્યતા

નવીદિલ્હી, તા.૧૫

આગામી વર્ષે જાન્યુઆરીથી ટીવીના ભાવ ૩-૪ ટકા વધી શકે છે. આનું મુખ્ય કારણ મેમરી ચિપ્સની અછત અને રૂપિયાનું અવમૂલ્યન છે, જેણે તાજેતરમાં પહેલીવાર ૯૦ રૂપિયાના આંકને પાર કર્યો છે. નબળા રૂપિયાએ ભારતીય ટીવી ઉદ્યોગને ભારે ફટકો માર્યો છે, કારણ કે એલઈડી ટીવીમાં સ્થાનિક મૂલ્યવર્ધન માત્ર ૩૦ ટકા છે. તેના મોટાભાગના મુખ્ય ઘટકો, જેમ કે ઓપન સેલ, સેમિકન્ડક્ટર ચિપ્સ અને મધરબોર્ડ, આયાત કરવામાં આવે છે. વધુમાં, મેમરી ચિપ્સની વૈશ્વિક અછત એક ગંભીર સમસ્યા બની ગઈ છે. વધતી માંગ, ખાસ કરીને હાઈ-બેન્ડવિડ્‌થ મેમરી , જે મુખ્યત્વે એઆઈ સર્વર્સ માટે વપરાય છે, તેના કારણે ડીઆરએએમ અને



ફ્લેશ જેવા તમામ પ્રકારની મેમરીના ભાવમાં વધારો થયો છે. ચિપ ઉત્પાદકો હવે ઉચ્ચ-નફાકારક એઆઈ ચિપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેના કારણે ટીવી જેવા જૂના ઉપકરણો માટે પુરવઠાની અછત સર્જાઈ રહી છે.

હાયર એપ્લાયન્સિસ ઈન્ડિયાના પ્રમુખ એનએસ સતીશે જણાવ્યું હતું કે મેમરી ચિપ્સની અછત અને ઘટતા રૂપિયાને કારણે એલઈડી ટીવીના ભાવમાં ૩ ટકા સુધીનો વધારો થઈ શકે છે.

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી લંડન અને જર્મનીના પ્રવાસે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૫

સંસદના શિયાળુ સત્ર દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સોમવારે વહેલી સવારે લંડન જવા રવાના થયા. રાહુલ ગાંધી દિલ્હીના આઈજીઆઈ એરપોર્ટથી ફ્લાઈટ નંબર BA ૧૪૨ માં લગભગ ૩:૨૦ વાગ્યે લંડન જવા રવાના થયા. લંડનથી, રાહુલ ગાંધી જર્મની જશે. આ માહિતી સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવી છે. સંસદનું શિયાળુ સત્ર તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. ૧ ડિસેમ્બરથી શરૂ થયેલું આ સત્ર ૧૯ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે, જેમાં કુલ ૧૫ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. બંને ગૃહોમાં સોમવારે કાર્યવાહી ફરી શરૂ થશે, જેમાં બાકી રહેલા બિલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સંસદનું શિયાળુ સત્ર અત્યાર સુધી તોફાની રહ્યું છે. વંદે માતરમ અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન મતદાર યાદી સુધારા અને ચૂંટણી સુધારા પર ચર્ચામાં વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી જોવા મળી છે.

# ધુમ્મસને કારણે ઉત્તર પ્રદેશ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વિઝીબીલીટી ખૂબ ઓછી : ઠંડીમાં વધારો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૫

દિલ્હી-એનસીઆરમાં આજે ગાઢ ધુમ્મસ જોવા મળ્યું. ધુમ્મસને કારણે ઉત્તર પ્રદેશ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ દૃશ્યતા ખૂબ ઓછી હતી. આગ્રા અને પ્રયાગરાજમાં શૂન્ય દૃશ્યતાએ રહેવાસીઓને નોંધપાત્ર અસુવિધા પહોંચાડી, વાહનો રસ્તાઓ પર ફસાઈ ગયા. રવિવાર અને શનિવારે ધુમ્મસને કારણે ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં અનેક અકસ્માતો થયા. પરિણામે, વહીવટીતંત્રે લોકોને ખૂબ જ સાવધાની રાખવા અને સવારે ધીમે ધીમે વાહન ચલાવવા વિનંતી કરી છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરપૂર્વ મધ્ય પ્રદેશ અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. દરમિયાન,



જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચા વિસ્તારોમાં હિમવર્ષા શરૂ થઈ ગઈ છે, અને આગામી દિવસોમાં હિમવર્ષા વધવાની ધારણા છે. આઈએમડીએ કર્ણાટક અને તેલંગાણામાં શીત લહેરની ચેતવણી જારી કરી છે.

૧૬ અને ૧૭ તારીખે તેલંગાણા અને કર્ણાટકના કેટલાક ભાગોમાં ઠંડીનું મોજું ચાલુ રહેવાની શક્યતા છે, જ્યારે ૧૬ ડિસેમ્બરે ઉત્તરીય આંતરિક કર્ણાટકમાં તીવ્ર ઠંડીનું મોજું ચાલુ રહેવાની શક્યતા છે.

# રાજસ્થાન સરકારે અપંગતા પ્રમાણપત્રના આધારે નોકરી મેળવનાર ઉમેદવારોને ફરીવાર મેડિકલ કરવા કર્યા આદેશ

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૫

રાજસ્થાન સરકારે અપંગતા પ્રમાણપત્રના આધારે નિયુક્ત તમામ સરકારી કર્મચારીઓની ફરીથી તબીબી તપાસ કરવાના નિર્દેશો જારી કર્યા છે. આ નિર્ણયથી રાજ્યના વિવિધ વિભાગોમાં કામ કરતા અપંગ કર્મચારીઓમાં ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. એવો અંદાજ છે કે આ પ્રક્રિયા ૧૫,૦૦૦ થી વધુ કર્મચારીઓને અસર કરી શકે છે, જેઓ હવે તેમની યોગ્યતા અંગે ચિંતિત છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરમાં સરકારી ભરતીઓમાં અપંગતા પ્રમાણપત્રો સંબંધિત ઘણા શંકાસ્પદ અને છેતરપિંડીભર્યા કિસ્સાઓ સામે આવ્યા છે. આ પછી, કર્મચારી વિભાગે તમામ વિભાગોને અપંગતા ક્વોટા હેઠળ નિયુક્ત કર્મચારીઓની ફરીથી તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ આદેશ હેઠળ,



તાજેતરમાં પસંદ કરાયેલા ઉમેદવારો જ નહીં, પરંતુ ૫ થી ૩૫ વર્ષ પહેલાં નિયુક્ત થયેલા કર્મચારીઓ પણ હવે મેડિકલ બોર્ડ સમક્ષ હાજર થઈ રહ્યા છે. કેટલાક જિલ્લાઓમાં તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું છે કે નિમણૂક સમયે ૪૦ ટકાથી વધુ અપંગતા ધરાવતા કેટલાક કર્મચારીઓ હવે ૫ થી ૭ ટકાનો તફાવત જણાવી રહ્યા છે. સરકારી નોકરીઓમાં અપંગતા ક્વોટા માટે લાયક બનવા માટે ઓછામાં ઓછી ૪૦ ટકા અપંગતા જરૂરી હોવાથી, આ મર્યાદાથી નીચે આવવાથી તેમની રોજગારી જોખમમાં મુકાઈ શકે છે.

# ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીને ચાર્જ સંભાળ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૫

ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ અને બિહારના મંત્રી નીતિન નબીન દિલ્હી પહોંચ્યા છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તા, દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવ અને ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે સહિત અન્ય નેતાઓએ એરપોર્ટ પર નીતિન નવીનનું સ્વાગત કર્યું. ત્યારબાદ તેઓ દિલ્હીમાં



ભાજપ મુખ્યાલય પહોંચ્યા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત પણ કરવામાં આવ્યું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જે.પી. નડ્ડા અને ધર્મેન્દ્ર પ્રધાન સહિત અનેક વરિષ્ઠ ભાજપ નેતાઓએ દિલ્હી ભાજપ મુખ્યાલયમાં તેમનું સ્વાગત કર્યું. નીતિન નવીને ભાજપ મુખ્યાલયમાં અમિત શાહ અને જે.પી. નડ્ડાની હાજરીમાં ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખનું પદ સંભાળ્યું. નીતિન નબીનને દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલયમાં તાજ પહેરાવવામાં આવ્યો હતો.

# અમૂલ ડેરીમાં ચેરમેન તરીકે શાભેસિંહ પરમાર, વિજય પટેલ વાઈસ ચેરમેન

ખેડા,તા.૧૫

ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (અમૂલ ડેરી)ની કમાન કોણ સંભાળશે તે અંગે ખેડૂતોમાં છેલ્લા ૯૬ દિવસથી ચાલી રહેલી ઉત્સુકતાનો અંત આવ્યો છે. આજે સહકારી સંઘના ડિરેક્ટર બોર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અમૂલ ડેરીના સભાખંડમાં મોટી સંખ્યામાં સમર્થકો, ભાજપના ધારાસભ્યો, જિલ્લા ભાજપ પ્રમુખ સંજય પટેલ અને સંગઠનના અધિકારીઓની હાજરીમાં આ જાહેરાત કરવામાં આવી હતી. વીરપુરના શાભેસિંહ પરમારને ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ડાકોરના વિજય પટેલને વાઈસ ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# હિંદુઓ સતત ધર્માંતરણનો ભોગ બની રહ્યા છે : ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન

અમદાવાદ,તા.૧૫

ગુજરાતના ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ ભલે હોદ્દા પર ન હોય પણ તેમણે રાજકારણ છોડ્યું નથી તે વાત વારંવાર પુરવાર કરી છે. આ વાત હવે તેમણે વધુ એક વખત પુરવાર કરતાં હોય તેમ સનસનીખેજ નિવેદન કરતાં જણાવ્યું છે કે દેશમાં ખ્રિસ્તીઓની વસ્તી વધી રહી છે.



હિંદુઓ સતત ધર્માંતરણનો ભોગ બની રહ્યા છે. હિંદુઓના નીચલા વર્ગને લક્ષ્યાંક બનાવીને ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે. આ રીતે હિંદુ સભ્યતાના પાયા હચમચાવવામાં આવી રહ્યા છે. તેમણે આ વાત તાજેતરમાં જ હિંદુ સંગઠનોએ ધર્માંતરણ પકડી પાડ્યુ તેના સંદર્ભમાં જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ધર્માંતરણ માટે ગરીબો, આદિવાસીઓ અને સમાજના નીચલા વર્ગના લોકોને લક્ષ્યાંક બનાવવામાં આવી રહ્યા છે.

# બોન્ડીમાં એક રેસ્ટોરન્ટમાં ફસાઈ જવું ભયાનક હતું : માઈકલ વોન

સિડની,તા.૧૫

ઓસ્ટ્રેલિયાના સિડનીમાં એક આનંદી સાંજ તરત જ ભય અને શોકમાં ફેરવાઈ ગઈ. બોન્ડી બીચ પર હનુક્કાહ ઉજવણી ગોળીબારથી વિક્ષેપિત થઈ ગઈ કારણ કે આતંકવાદીઓએ લોકોને નિશાન બનાવીને આડેધડ ગોળીબાર કર્યો. આ ભયાનક હુમલામાં ૧૬ લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા. યોગાનુયોગ, ગોળીબારના સ્થળે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન માઈકલ વોન હાજર હતા. તેણે એક રેસ્ટોરન્ટમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. ગોળીબારમાંથી બચી ગયા પછી, વોને દ્રશ્ય કેટલું ભયાનક હતું તેનું વર્ણન કર્યું. તેણે આતંકવાદીની બંદૂક છીનવી લેનાર વ્યક્તિને પણ સલામ કરી.

માઈકલ વોને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "બોન્ડીમાં એક રેસ્ટોરન્ટમાં ફસાઈ જવું ભયાનક હતું. હું હવે સુરક્ષિત રીતે



ઘરે પહોંચી ગયો છું. કટોકટી સેવાઓ અને આતંકવાદીનો સામનો કરનાર માણસનો ખૂબ ખૂબ આભાર. મારી સંવેદનાઓ બધા અસરગ્રસ્તો સાથે છે."

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, એક માણસ એક બંદૂકધારીને પકડીને, તેની બંદૂક છીનવી લેતો અને પછી તેના પર હથિયાર બતાવતો જોઈ શકાય છે. મેલબોર્નના રહેવાસી ૩૨ વર્ષીય પ્રત્યક્ષદર્શી લચલાન મોરનના જણાવ્યા અનુસાર, તે નજીકમાં તેના પરિવારની રાહ જોઈ રહ્યો હતો જ્યારે તેણે ગોળીબાર સાંભળ્યો. બધા દોડવા લાગ્યા, રડવા લાગ્યા. તે જોવું ભયાનક હતું.

# જો પશ્ચિમી દેશો સુરક્ષા ગેરંટી આપે તો યુક્રેન નાટો લશ્કરી જોડાણમાં નહીં જોડાય : ઝેલેન્સકી

(એચ.એસ.એલ),બર્લિન,તા.૧૫

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું હતું કે જો પશ્ચિમી દેશો યુક્રેનને સુરક્ષા ગેરંટી આપે તો કિવ નાટો લશ્કરી જોડાણમાં જોડાવાની તેની કોશિશ છોડી શકે છે. તેમણે અમેરિકાને રશિયાને પ્રદેશ સોંપવા માટે દબાણ ન કરવા પણ વિનંતી કરી.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી યુદ્ધના અંત પર યુએસ રાજદ્વારીઓ સાથે સંભવિત વાટાઘાટો માટે બર્લિન પહોંચ્યા. તેઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે મુલાકાત કરે તેવી અપેક્ષા હતી. બર્લિનમાં વાટાઘાટો પહેલાં પત્રકારોના પ્રશ્નોના જવાબમાં, ઝેલેન્સકીએ કહ્યું કે યુએસ અને કેટલાક યુરોપિયન દેશોએ યુક્રેનના નાટોમાં જોડાવાના પ્રયાસને નકારી કાઢ્યો હોવાથી, યુક્રેનને આશા છે કે પશ્ચિમ તેને નાટો સભ્યોને આપવામાં આવેલી ગેરંટી જેવી જ ગેરંટી આપશે.



તેમણે કહ્યું, "આ સુરક્ષા ગેરંટી રશિયાને બીજું યુદ્ધ શરૂ કરતા અટકાવવાની તક છે. અને આ અમારા તરફથી એક સમાધાન છે." ઝેલેન્સકીએ ભાર મૂક્યો કે કોઈપણ સુરક્ષા ખાતરીઓ કાયદેસર રીતે બંધનકર્તા હોવી જોઈએ અને યુએસ કોંગ્રેસ દ્વારા સમર્થિત હોવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે સ્ટુટગાર્ટમાં યુક્રેનિયન અને યુએસ લશ્કરી અધિકારીઓ વચ્ચેની બેઠક પછી તેઓ તેમની ટીમ તરફથી બ્રીફિંગ મેળવવાની અપેક્ષા રાખે છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ રવિવારે મોડી સાંજે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ અને સંભવતઃ અન્ય યુરોપિયન નેતાઓ સાથે અલગથી મુલાકાત કરશે.

# વાવ-થરાદના ભાભર ગામે જમાઈ બન્યો જમ : દાદી સાસુનું ઢીમ ઢાળી દીધું

વાવ,તા.૧૫



વાવ થરાદમાં ભાભરના બુરેઠા ગામે ચકચારી હત્યાનો બનાવ બન્યો છે. પતિ-પત્ની વચ્ચે દારૂ ઢીંચવા તેમજ અન્ય અંગત કારણોસર ઝઘડો ચાલતો હતો. જે બાદ પત્ની પિયર રહેવા આવી ગઈ હતી. બે વખત સસરાના ઘરે આ બાબતે રકઝક કર્યા પછી કોઈ નિવેડો ન આવતા ગુસ્સે ભરાયેલા પતિના માથે પત્નીના પરિવારને સબક શીખવાડવાનું ભૂત ચડ્યું હતું. આરોપ મુજબ જમાઈ દારૂનો નશો કરી ઘટનાની રાત્રે બુરેઠા ગામ આવ્યો હતો. તેની સાથે ચાર પાંચ લોકો પણ હતા. જમાઈએ સાસરિયાઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. જે બાદમાં મામલો વણસતા મારામારી સુધી પહોંચ્યો હતો. અડધી રાત્રે થયેલી આ બબાલ એટલી ઉગ્ર બની ગઈ હતી કે જમાઈ હાથમાં જે આવ્યું તે લઈને સાસરિયા પક્ષ પર હુમલો કરી રહ્યો હતો. બાદમાં ટામી (લોખંડનો સળિયો) લઈને સાસુ પર ચડી બેઠો હતો અને માથા પર એક ફટકો મારી દાદી સાસુ જીજીબેનનું ઢીમ ઢાળી દીધું હતું. બાદમાં તેની પત્ની અને સસરાને પણ ઢોર માર મારી ફરાર થઈ ગયો હતો. સમગ્ર મામલે પોલીસે ફરિયાદ નોંધી ગુનેગાર જમાઈ અને તેના સાગરીતોને પકડવા ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. આરોપીની પત્ની હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# વેરાવળ-કોડીનાર રોડ પર પ્રાંસલી ગામ નજીક અકસ્માત : ત્રણના મોત

કોડીનાર,તા.૧૫



વેરાવળ-કોડીનાર રોડ પર પ્રાંસલી ગામ નજીક રાત્રિના લગભગ ૧૧ વાગ્યે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર, વણાકબારાથી માછલી ભરીને વેરાવળ GIDC ખાતે આવેલી વનિતા કોલ્ડ સ્ટોરેજ નામની ફિશ કંપનીમાં જઈ રહેલ આઈસર ગાડીમાં પ્રાંસલી નજીક પંચર પડ્યું હતું. ગાડીના ચાલક હુસેન મહમદ મલેક વાહનને સાઈડમાં રાખી પંચર બનાવવાની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન, તે જ કંપનીની બીજી આઈસર ગાડી ત્યાંથી પસાર થઈ રહી હતી. તેના ચાલક રફિક ચાંદભાઈ ભાદરકાએ પંચર થયેલી ગાડી જોઈને મદદ કરવા માટે વાહન ઊભું રાખ્યું હતું. તે જ સમયે, પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી માછલી ભરેલી બોલેરો ગાડીના ચાલકે ભટકાવી હતી. આ ભયાનક અથડામણમાં બોલેરોના ચાલક રાજુભાઈ બાલુભાઈ પરમાર, આઈસરના ચાલક હુસેન મહમદ મલેક અને મદદ માટે ઊભેલા રફિક ચાંદભાઈ ભાદરકાનું આ ત્રણેયનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. જ્યારે ગોપાલભાઈને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

# દવાની દુકાનોમાં નવો નિયમ લાગુ : ફાર્માસિસ્ટ સિવાય અન્ય કોઈ મેડિસીન નહિ વેચી શકે

અમદાવાદ,તા.૧૫



ગુજરાતમાં હવે મેડિકલ સ્ટોરમાં દવાના નિયમો કડક બનાવવામાં આવી રહ્યાં છે. ત્યારે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જે મુજબ, દવાની દુકાનોમાં ફાર્માસિસ્ટ સિવાય કોઈ અન્ય દવાનું વેચાણ નહિ કરી શકે. જો કરશે તો દંડ થશે અથવા જેલ થશે. ગુજરાતમાં દવાની દુકાનોમાં એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. જેનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો છે. જેમાં ફાર્મસિસ્ટ સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિ એલોપેથિક દવાનું વિતરણ નહિ કરી શકે. જો વેચાણ કરશે તો તેને દોષિત ઠેરવવામાં આવશે. અથવા તેને ત્રણ માસ સુધીની કેદ થઈ શકે છે. તેમજ બે લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. કેટલાક કેસમાં ફાર્માસિસ્ટનું લાઈસન્સ પણ રદ કે સ્થગિત થઈ શકે છે. નવા નિયમ મુજબ રજિસ્ટર્ડ ફાર્માસિસ્ટ સિવાય અન્ય કોઈ વ્યક્તિ દવાનું વેચાણ નહિ કરી શકે. ૯ ડિસેમ્બરના રોજ ફાર્મસી કાઉન્સિલના એડિશનલ રજિસ્ટ્રાર દ્વારા તમામ હોસ્પિટલના સંચાલકો, મેડિકલ સ્ટોર કે ફાર્મસીના માલિકો અને કાર્માસિસ્ટ માટે આ માહિતી બહાર પાડવામાં આવી છે.

# સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ ૩૦ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયા

ગાંધીનગર,તા.૧૫

ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે કડક કાર્યવાહી ચાલુ રાખતા એન્ટી કરપ્શન બ્યુરાએ એક મોટી સફળતા હાંસલ કરી છે. ગાંધીનગરમાં સીઆઈડી ક્રાઈમ સેલના બે પોલીસ કર્મચારીઓને રૂ. ૩૦ લાખની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે એસીબી દ્વારા ઝડપાયેલા આરોપી અધિકારીઓની ઓળખ- લાંચ સ્વીકારતા પેથાભાઈ કરમશીભાઈ પટેલ, હોદ્દો – પોલીસ ઈન્સપેક્ટર, સીઆઈડી ક્રાઈમ, સીઆઈ સેલ, ગાંધીનગર, વિપુલભાઈ બાબુભાઈ દેસાઈ, હોદ્દો – આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ, સીઆઈડી ક્રાઈમ, સીઆઈ સેલ, ગાંધીનગર થઈ છે. ફરિયાદી તથા તેના મિત્ર સામે કોઈ કાર્યવાહી ન થાય તે બદલ આરોપીઓએ રૂ. ૩૦,૦૦,૦૦૦/-ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતો ન હોવાથી તેણે જાગૃત નાગરિક તરીકે એસીબીનો સંપર્ક કર્યો હતો.

# અમદાવાદના થલતેજની સોસાયટીમાં બે કરોડના મકાનો પર બુલડોઝર ફરશે?

અમદાવાદ,તા.૧૫



અમદાવાદના થલતેજમાં આવેલા સ્નેહાંજલિ સોસાયટીમાં અંદાજે બે કરોડની કિંમતના ૨૫ બંગલો આવેલા છે. આ તમામ મકાન ગેરકાયદેસર હોવાનું કહીને કોર્પોરેશન દ્વારા તોડવામાં આવનાર છે. પરંતુ સોસાયટીના રહીશોએ આ અંગે વિરોધ નોંધાવ્યો છે. સોસાયટીના રહીશોનો દાવો છે કે તેઓ ૪૦ વર્ષથી રહે છે અને બિલ્ડર પાસેથી બે લાખ રૂપિયામાં મકાન ખરીદ્યા હતા. જે ૨૫ મકાનમાંથી ૨૦ જેટલા મકાન ઓએનજીસીના અધિકારીઓ અને કર્મચારીઓએ ખરીદ્યા હતા. હાલ સોસાયટીમાં રહીશો મકાન તૂટે નહીં તે માટે ગેટ પર એક થઈને બેઠા છે. રહીશોએ આત્મ વિલોપનની ચીમકી પણ ઉચ્ચારી રહ્યા છે.

# જૂનાગઢ પોલીસે ૨૫૩ કરોડના સાયબર ફ્રોડ કેસમાં ૮ આરોપીઓની ધરપકડ કરી, રૂ. ૧૩ કરોડ જપ્ત

જૂનાગઢ,તા.૧૫



દિવસે ને દિવસે સાયબર ફ્રોડની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે પોલીસની સમન્વય પોર્ટલના ઈનપુટ્સના આધારે થયેલી ફરિયાદોને લઈને જૂનાગઢ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ આરોપીઓ અને તેમના મળતીયાઓએ બદઈરાદે બેંકોમાં ખાતા ખોલાવી ઈન્ટરનેટ બેન્કિંગ શરૂ કરાવ્યું હતું. આ ૯ બેંક એકાઉન્ટોનો ઉપયોગ કરીને સાયબર ક્રિમિનલે ભારતના વિવિધ રાજ્યોના લોકોને છેતર્યા હતા. અંદાજે ૨૫૩ કરોડની રકમની છેતરપિંડી પૈકી આશરે ૧૩,૨૭,૧૩,૫૧૩ જેટલી માતબર રકમ આ ખાતાઓમાં જમા કરાઈ હતી. જે અંગે રાષ્ટ્રીય કક્ષાના NCCRP પોર્ટલ પર ૩૬૦ ઓનલાઈન ફરિયાદો નોંધાઈ છે. જેના આધારે પોલીસે જે ફ્રોડની રકમ જૂનાગઢના બેંક એકાઉન્ટમાં જમા થઈ હતી તે ૮ બેંક એકાઉન્ટ હોલ્ડરોની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા તમામ ૮ આરોપીઓ જૂનાગઢના છે.

# રાજકોટ એસઓજીએ રિક્ષાચાલક અને મહિલા પાસેથી ૪ કિલો ગાંજો ઝડપ્યો

રાજકોટ,તા.૧૫



રાજકોટ શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા નશાના વેપાર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. 'SAY NO TO DRUGS' મિશન અંતર્ગત રાજકોટમાં માદક પદાર્થોના વેચાણને અટકાવવા માટે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે SOGની ટીમે ચોક્કસ બાતમીના આધારે કોઠારીયા ચોકડી પાસે દરોડો પાડીને ગાંજાના જથ્થા સાથે એક રિક્ષાચાલક પુરુષ અને એક ગુનાહિત ઈતિહાસ ધરાવતી મહિલાને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી ૪ કિલોથી વધારે ગાંજા સહિત રૂ. ૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સુરતમાં લવ જેહાદના આક્ષેપમાં એબીવીપીના કાર્યકરોએ યુવકને બેરહેમીથી ઢોર માર માર્યો

સુરત,તા.૧૫



સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં રવિવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના કાર્યકરોએ એક યુવકને 'લવ જેહાદ'ના આક્ષેપ હેઠળ ઘેરીને જાહેરમાં બેરહેમીથી માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શહેરમાં કાયદો-વ્યવસ્થા કથળી હોવાના ગંભીર સવાલો ઉભા થયા છે. ટ્રાફિક પોલીસની હાજરી વચ્ચે પણ હુમલો થયો હોવા છતાં હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી, જ્યારે ABVPએ આ ઘટનાને કોલેજ વિદ્યાર્થિનીની હેરાનગતિ સામે 'સ્વરક્ષણ' ગણાવ્યું હતું.

# રાજધાની ગાંધીનગરમાં પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મની ઘટના બનતા ખળભળાટ

ગાંધીનગર,તા.૧૫

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ફરી એકવાર માસૂમ બાળકીની સુરક્ષા સામે ગંભીર સવાલ ઊભો થયો છે. શહેરના સેક્ટર-૨૪ વિસ્તારમાં ૫ વર્ષની એક બાળકી સાથે દુષ્કર્મની અત્યંત નિંદનીય અને દર્દનાક ઘટના સામે આવી છે. વધુ એક માસૂમ બાળકી દુષ્કર્મીના હાથે પીંખાઈ જતાં સમગ્ર વિસ્તારમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે.








